

સુવર્ણે પધારો પુનઃ કૃપાળુ દેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે,
ભવભવ હોજો ગુરુચરણોની સેવા રે.

ઓગસ્ટ ૧૯૮૩ * આત્મધર્મ * [ ૪૭૮ ] * અંક : ૨ વર્ષ : ૪૦

આનંદદાયી સમાચાર !—

ઘાટકોપર-મુમુક્ષુમંડળ ઊજવે છે સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૦ મો

## ✻ જન્મજયંતી-મહોત્સવ ✻

અધ્યાત્મયુગપ્રવર્તક સ્વાનુભવમુદ્રિતસાધનાયુક્ત આપણા પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ **શ્રી કાનજીસ્વામીની** શુદ્ધાત્મસુધાસ્યંદી કલ્યાણી વાણીના પુનિત પ્રતાપે માત્ર ૧૮ વર્ષની લઘુવયમાં જ્ઞાયકાભિમુખ પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ વિભૂષિત અધ્યાત્મસાધનાનો સાક્ષાત્કાર કરનાર અને પોતાના ધર્મસંબંધી અસાધારણ જાતિસ્મરણજ્ઞાન વડે પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય વ્યક્તિત્વનો—તીર્થંકરદ્રવ્યત્વનો—મહિમા બતાવી મુમુક્ષુસમાજ ઉપર સાતિશય ઉપકાર વર્ષાવનાર પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય **બહેનશ્રી ચંપાબેનની** ૭૦મી આનંદકારી જન્મજયંતી તેમની મંગલ ઉપસ્થિતિમાં ઘાટકોપરના પ્રાંગણમાં ઊજવવાની અમારી—ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળની—અતિ તીવ્ર ભાવના હતી; પરન્તુ પૂજ્ય બહેનશ્રીના શારીરિક સ્વાસ્થ્યની સુવિધા ખાતર અમારા મંડળે જન્મજયંતીનો આ મંગલ મહોત્સવ સોનગઢમાં—પૂજ્ય બહેનશ્રીની મંગલમય સમુપસ્થિતિમાં—અતિ આનંદોલ્લાસ તેમ જ વિવિધ કાર્યક્રમ સહિત ઊજવવાનું નક્કી કર્યું છે.

પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મજયંતી—શ્રાવણ વદ બીજ—નો આ આનંદદાયી મહોત્સવ વીર સં. ૨૫૦૯, વિ.સં. ૨૦૩૯, શ્રાવણ સુદ ૧૩, રવિવાર, તા. ૨૧–૮–૮૩ થી શ્રાવણ વદ ૨, ગુરુવાર, તા. ૨૫–૮–૮૩—એમ પાંચ દિવસ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન અધ્યાત્મતીર્થભૂમિ સોનગઢ વિષે શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડિયો તથા ટેઈપ-રેકૉર્ડ-પ્રવચનો, સમાગત અધ્યાત્મપ્રેમી વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનો, ઘાટકોપર દિ૦ જૈન ભજનમંડળી દ્વારા પ્રસંગોચિત ભક્તિ વગેરે અનેકવિધ અતિ રોચક કાર્યક્રમ સહિત વિશિષ્ટ પ્રકારે ઊજવવામાં આવશે. ભારતવર્ષના અનુપમ ધર્મરત્ન મંગલમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી ઊજવવાનો લાભ તે અમારે મન જીવનનો એક અમૂલ્ય લહાવો છે.

—ઘાટકોપર દિ૦ જૈન મુમુક્ષુમંડળ.

—૦—

કહાન
સંવત ૩
વર્ષ ૪૦
અંક ૨
[ ૪૭૮ ]




વીર
સંવત
૨૫૦૯
A.D. 1983
AUG

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## 卐 શ્રી સદ્‌ગુરુ–સ્તવન 卐

સાગર ઉછળ્યો ને જાણે લ્હેરીઓ ચડી,
ગુરુજીની વાણી એવા ગગને અડી;
પંખી ઉડતાતાં હતી એક આશડી,
તરસ્યું છીપે જો મળે મીઠી વીરડી...સાગર

ઝાંઝવાના જળથી છીપી નહિ તરસડી,
એવા મિથ્યા નીરની જયારે ખબરું પડી....સાગર

તરસ્યા જીવોને સત્ય વાટ સાંપડી,
કે ખારા સમુદ્ર છે એક મીઠી વી[illegible]ી...સાગર

આત્મધર્મ બોધ્યો છીપાવી તરસડી,
અજ્ઞાન સમુદ્ર છે ક્હાન જ્ઞાન વીરડી....સાગર

વિનવું પ્રભુ આપને હું પાયલે પડી,
અવિચળ વ્હેજો એ મારી મીઠી વીરડી...સાગર

—o—

# વૈરાગ્યજનની બારભાવના

**શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન**

[ પ્રવચન–છઠ્ઠું ]

બાર ભાવનામાં આ પહેલી અનિત્ય ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય ભાવના કોને હોય ? જેને નિત્ય જ્ઞાનાનંદસ્વભાવની રુચિ અને દૃષ્ટિ થઈ હોય તેવા જીવને જ આ અનિત્ય ભાવના યથાર્થ હોય છે, આવો સિદ્ધાંત છે. તેને આ ભાવનાથી શુદ્ધતાની વૃદ્ધિ થાય છે.

આ ભાવના તો શુદ્ધતાની વૃદ્ધિ અર્થે છે. તેથી આ ભાવનાને આનંદજનની કહી છે. તીર્થંકર ભગવંતો પુરુષાર્થપૂર્વક આ વૈરાગ્યભાવના ભાવે છે.

સ્ત્રી–પુત્રાદિ સર્વે પદાર્થોનો સંયોગ ક્ષણિક છે. એટલે કે મારો અસંયોગી સ્વભાવ છે–એમ સ્વભાવના ભાનપૂર્વક, ક્ષણિક સંયોગ–વિયોગને અસ્થિર જાણીને તેમાં હર્ષ–શોક ન કરવો. ધ્રુવ આત્માનો આશ્રય કરતાં અસ્થિર સંયોગમાં હર્ષ-શોકનો અભાવ થઈ જાય છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત થતાં વસ્તુ સ્વભાવની રુચિ થઈને, રાગ મંદ પડતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે, એટલે ક્રમબદ્ધપર્યાયની પ્રતીતમાં પણ આવી ભાવનાઓ આવી જ જાય છે.

હવે ઇંદ્રિય વિષયોની ક્ષણિકતા બતાવે છે :—

सुरधनुस्तडिद्वच्चपला इन्द्रियविषयाः सुभृत्यवर्गाः च ।
दृष्टप्रणष्टाः सर्वे तुरंगगजवरादयः ॥ ७ ॥

અર્થ:— આ જગતમાં ઈન્દ્રિયોના વિષયો છે તે ઈન્દ્રધનુષ અને વિજળીના ચમત્કાર જેવા ચંચલ છે, પ્રથમ દેખાય છે પછી તુરત જ વિલય પામી જાય છે, વળી તેવી જ રીતે ભલા ચાકરોનો સમૂહ અને સારા ઘોડા હાથી–રથ છે તે સર્વ વસ્તુ પણ એ જ પ્રમાણે છે. ૭.

ઇન્દ્રિય વિષયોના ગ્રહણ કાળે અજ્ઞાનીને તેની મુખ્યતા ભાસે છે, પણ તેની ક્ષણિકતાને તે દેખતો નથી, એટલે તેને તો ત્યાં જ એકાકાર બુદ્ધિથી રાગ–દ્વેષ થાય છે. ધર્મીને બહારથી ઈન્દ્રિય વિષયોના ગ્રહણના કાળે પણ અંદરમાં ધ્રુવ ચિદાનંદસ્વભાવની રુચિ પડી છે એટલે તેને સંયોગની એકતાબુદ્ધિથી રાગ–દ્વેષ થતાં નથી પણ ધ્રુવ સ્વભાવની ભાવનાથી ક્ષણે ક્ષણે વીતરાગતા અને શુદ્ધતા વધતી જાય છે–આવું આ ભાવનાનું ફળ છે.

હાથી–ઘોડા–રથ વિગેરે બધા પદાર્થો વિજળીના ઝબકારા જેવા ક્ષણ-ભંગુર છે. એકવાર બે ઉંચા ઘોડા દીક્ષાના વરઘોડા માટે આવેલા, પણ ક્ષણમાં આગ લાગતાં તે બંને

ઘોડા ઉભા ઉભા સળગી ગયા ! જુઓ આ ક્ષણભંગુરતા ! ધર્મી જીવ આવી ક્ષણભંગુરતા દેખીને અનિત્ય સંયોગની ભાવના છોડતો ને ધ્રુવ ચિદાનંદસ્વભાવની ભાવના કરતો, અનિત્ય ભાવના ભાવે છે.

મોટા બંગલા દેખાતા હોય ને ક્ષણમાં ફૂ થઈ જાય. લીલુંછમ ઝાડ હોય ને ક્ષણમાં ઠુંઠું થઈ જાય, પણ અજ્ઞાનીને સંયોગની ક્ષણિકતા ભાસતી નથી તેથી તે સંયોગની ભાવના છોડીને સ્વભાવની ભાવાના ભાવતો નથી. અહો ! જે ક્ષણે જે સંયોગ કે જે વિયોગ થવાનો તેને કોણ ફેરવે ? આગળ ૩૨૧-૩૨૨ મી ગાથામાં કહ્યું છે કેઃ—

જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞ દેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને જે પ્રમાણે થવાયોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર—તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય- ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે.

સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કરતાં આત્માના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થાય છે જે જીવ આવા વસ્તુસ્વભાવનો નિર્ણય કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. તેથી ૩૨૩ મી ગાથામાં કહ્યું છે કેઃ—

એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે—શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ થાય છે. તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા-સંદેહ કરે છે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે-પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે.

અનિત્ય ભાવનામાં પણ આ બધી વાત ભેગી રાખીને વાત છે. જુઓને, ક્ષણમાં જુવાન માણસો ચાલ્યા જાય છે. બોટાદમાં આગ લાગી, તે જોવા જતાં એક માણસ મરી ગયો. આગમાં મોટા સર્પો અને ચકલા બળી ગયાં. જે ક્ષણે જે થવાનું તેને કોણે ફેરવે ? એનો અર્થ એમ છે કે હે જીવ ! તું નિર્ણય કર કે હું તો જ્ઞાન છું, જાણનાર છું, જાણનાર શું કરે ? જેમ હોય તેમ જાણે, પણ કાંઈ ફેરફાર કરે નહિ. આવા જ્ઞાન સ્વભાવમા શંકા કરે તે મિથ્યાદષ્ટિ છે. પરમાં ફેરફાર કરવાનું માને તે પણ મિથ્યા દષ્ટિ છે. બહારમાં ફેરફાર કરવામાં કાંઈ પુરુષાર્થ કામ આવતો નથી, પોતે જ્ઞાનમાં સમાધાન રાખીને જાણનાર રહે ને રાગ-દ્વેષ ન થાય એ જ પુરુષાર્થ છે. જ્ઞાનમાં નિઃશંક થઈને જ્ઞાનપણે રહ્યો ને વિકાર પણે ન થયો તેનું નામ પુરુષાર્થ છે. જ્ઞાનસ્વભાવ નિત્ય છે. તેને ઓળખીને તેની ભાવના કરવી અને ક્ષણિક સંયોગની ભાવના છોડવી—એનું નામ અનિત્ય ભાવના છે.

આ જીવ સારા સારા ઈન્દ્રિય-વિષયો અને ઉત્તમ નોકર, ઘોડા, હાથી અને રથાદિકની પ્રાપ્તિથી સુખ માને છે, પરંતુ એ સર્વ ક્ષણુ ભંગુર છે. માટે અવિનાશી સુખનો ઉપાય કરવો જ યોગ્ય છે.

અંતરંગ ચિદાનંદતત્ત્વમાં જ મારી શાંતિ છે. એ સિવાય સંકલ્પ-વિકલ્પમાં શાંતિ નથી ને બહારના સંયોગમાં પણ શાંતિ નથી. પોતાના ક્ષણિક શુભાશુભ પરિણામમાં પણ પોતાની શાંતિ નથી. તો તે શુભાશુભ પરિણામના બાહ્ય વિષયમાં તો સુખ કેમ હોય? બહારના પદાર્થનો વિષય કરનારા તો પોતાના શુભાશુભ પરિણામ છે. તે પરિણામમાં પણ સુખ નથી, ને બહારના વિષયમાં પણ સુખ નથી, સુખ તો અવિનાશી જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ છે. માટે ક્ષણભંગુર સંયોગો અને તેના લક્ષે થતા શુભાશુભ પરિણામની ભાવના છોડીને ધ્રુવ ચિદાનંદની જ ભાવના કરવી તે અવિનાશી સુખનો ઉપાય છે.

પોતામાં જે ક્ષણિક સંકલ્પ-વિકલ્પ થાય છે તે પણ વિભાવ છે, અને તેના બાહ્ય વિષયરૂપ જે પદાર્થો દેખાય છે તે પણ વિભાવ પર્યાય છે. કેરીનો રસ ખાવાના પરિણામ થાય ત્યાં તે રસમાં તો સુખ નથી ને રસ ખાવાના જે અશુભ પરિણામ છે તેમાં પણ સુખ નથી. પર્યાય બુદ્ધિવાળો જીવ સ્વભાવ તરફ વળતો નથી એટલે તેને બાહ્ય વિષયોમાં સુખ ભાસે છે. તેથી તેને સંયોગની ભાવના છે. ધર્મી તો જાણે છે કે મારું સુખ બહારના વિષયોમાં નથી ને પર્યાયના શુભાશુભ ભાવમાં પણ મારૂં સુખ નથી. મારૂં સુખ તો ધ્રુવ આત્મામાં છે. તેથી તે જીવને અવિનાશી સ્વભાવની ભાવના છૂટતી નથી. દ્રવ્ય તરફ વળવું તે જ મોક્ષમાર્ગ છે. તે જ અવિનાશી સુખનો ઉપાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે સ્વદ્રવ્ય તરફના વલણથી થાય છે ને તે જ અવિનાશી સુખનો માર્ગ છે માટે ધ્રુવ સ્વભાવને જાણીને તેની ભાવના કરવી ને સંયોગને અધ્રુવ જાણીને તેની ભાવના છોડવી.

વળી બીજો દાખલો આપીને બંધુજનો વગેરેના સંયોગની અધ્રુવતા બતાવે છે:—

**पथि पथिकजनानां यथा संयोगो भवति क्षणमात्रम् ।**
**बन्धुजनानां च तथा संयोगः अध्रुवः भवति ॥ ८ ॥**

અર્થ:— જેમ પંથમાં પથિકજનોનો સંયોગ ક્ષણમાત્ર છે તે જ પ્રમાણે સંસારમાં બંધુજનોનો સંયોગ પણ અસ્થિર છે. ૮.

આત્માને સ્ત્રી, પુત્ર, બંધુજનો વગેરે જેનો સંયોગ થયો તે સંયોગ તો આ ભવમાં નવો થયો છે ને તે સંયોગ પણ અસ્થિર છે. સંયોગનો વિયોગ થઈ જવાનો. સ્ત્રી વિગેરે જેનો વિયોગ થયો તેનો સંયોગ તો ફરીથી થાય કે ન થાય-તે કાંઈ નિયમ નથી. પણ જેનો સંયોગ થયો તેનો તો અલ્પકાળમાં જરૂર વિયોગ થઈ જશે. ચૈતન્યદ્રવ્ય અસંયોગી છે, છે ત્રિકાળ રહેનાર છે, માટે તેની જ ભાવના કરવા જેવી છે. રસ્તામાં બધુંજનોની સાથે

ચાલ્યા જતો હોય ત્યાં કોઈ માંદો પડે તો બીજા માણસો તેને જીવતો છોડીને ચાલ્યા જાય છે. આમ બંધુજનોનો સંયોગ ક્ષણિક છે. જેમ નદીમાં પાણીનું પૂર આવે ત્યાં માણસો કહે છે કે આપણી નદીમાં પાણી આવ્યું છે. પણ પાણી ચાલ્યું જ જાય છે. કાંઈ તેની પાસે ઊભું નથી રહેતું. તેમ જગતના પદાર્થોનું પરિણમન થતાં થતાં સંયોગ થયો ત્યાં અજ્ઞાની કહે છે કે અમને આ પદાર્થો મળ્યા. પણ ભાઈ તે પદાર્થો તો તેના પરિણમન પ્રવાહમાં વહ્યા જ જાય છે; કોઈ પદાર્થ તારી પાસે સ્થિર રહેવાનો નથી. માટે તે સંયોગની ભાવના છોડ ને તારા સ્વભાવની ભાવના કર.

એક વાર એક માણસ એકલો મુંબઈ ગયો. મુંબઈમાં વેપાર કર્યો, પૈસા થયા, સ્ત્રી પરણ્યો, અને છોકરા થયા, બાર માણસો થયા ને અમુક વખત થતાં મરી ગયા; પૈસા ચાલ્યા ગયા ને જેવો એકલો ગયો હતો તેવો એકલો પાછો દેશમાં આવ્યો. જુઓ આ સંયોગ! માટે સંયોગમાં સુખનો વિશ્વાસ છોડીને સ્વભાવની ભાવના કર.

આ જીવ બહોળું કુટુંબ-પરિવાર પામતાં અભિમાનથી તેમાં સુખ માને છે અને એ મદ વડે પોતાના સ્વરૂપને ભૂલે છે, પણ એ બધુંવર્ગાદિનો સંયોગ માર્ગના પથિકજન જેવો જ છે, થોડા જ સમયમાં વિખરાઈ જાય છે. માટે એમાં જ સંતુષ્ટ થઈને સ્વરૂપને ન ભૂલવું. સંતોષ તો તારા ક્ષણિક સ્વભાવમાં કર. બહારના સંયોગમાં સંતોષ માનીશ તો તે સંયોગ તો ચાલ્યા જવાના છે. માટે દૃષ્ટિને અંતરમાં ફેરવીને, સ્વભાવની ભાવનામાં પુરુષાર્થ ફેરવ.

દેહના સંયોગની અસ્થિતા બતાવે છેઃ—

**अतिलालितः अपि देहः स्नानसुगन्धेः विविध भक्ष्यैः ।**
**क्षणमात्रेण अपि विघटते जलभृतः आमघट इव ।। ९ ।।**

અર્થઃ— જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુગંધી વસ્તુઓ વડે સુધારતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારના ભોજનાદિ ભક્ષ્યો વડે પાલન કરતા હોવા છતાં પણ જલ ભરેલાં કાચા ઘડાની માફક ક્ષણમાત્રમાં વિલય પામી જાય છે. ૯.

દેહનું ગમે તેટલું લાલન-પાલન કરો પણ તે તો અશુચિનો ઘડો છે. તેમાંથી તો અશુચિ નીકળશે. સ્નાન કરાવે ઋતુ ઋતુના ખોરાક ખવરાવે—એવા ભાવ કરે પણ દેહ તો ક્ષણમાં નાશ થઈ જાય છે દેહની ક્રિયા તો કાંઈ આત્મા કરી શકતો નથી. દેહને સાચવવાની ઇચ્છા કરે તેથી કાંઈ દેહ તેનો રાખ્યો રહેવાનો નથી.

એક સમયમાં જીવન ને બીજા સમયે મરણ—એમાં વચ્ચે કાંઈ આંતરો નથી. તારો આત્મા સદાય શાશ્વત્ છે તેની જ ભાવના કર. પાણી ભરેલા માટીના કાચા ઘડાની માફક આ દેહ

ક્ષણ ભંગુર છે. આ ક્ષણ-ભંગુરતા બતાવીને તેની ભાવના છોડવાનું કહે છે ને નિત્ય જ્ઞાનાનંદની ભાવના કરવાનું કહે છે.

નિયમસારમાં કહ્યું છે કે ધર્માત્માઓએ નિત્ય સ્વભાવની ભાવના કરવી. અહીં ક્ષણિક ભાવોની ભાવના છોડવી એને "અનિત્ય ભાવના" કહે છે. તેમાં પણ ખરેખર અનિત્ય પદાર્થોની ભાવના કરવાનું કહ્યું નથી પણ નિત્ય એવા સ્વભાવની ભાવના કરવાનું જ કહે છે. વિકલ્પ ઉઠતાં સંયોગ ઉપર લક્ષ જાય, ત્યાં તેને ક્ષણિક જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના વધારે છે એનું નામ અનિત્ય ભાવના છે.

અહો! જુઓને! ક્ષયની ઇસ્પિતાલમાં કેવા કેવા જુવાનજોધ માણસો છે! જુવાન શરીર હોય અને ક્ષણમાં ક્ષય લાગુ પડી જાય. વીસ-પચ્ચીસ વર્ષની ઉંમર હોય, ચડતું લોહી હોય છતાં ક્ષય લાગુ પડી જાય. ત્યાં આત્મા શું કરે? દેહની સામે જોઈને તેમાં જ શરણ ભાસે છે. પણ ભાઈ! દેહ તો ક્ષણિક છે. તેનો એક પરમાણુ તારી પાસે નહિ રહે માટે તે દેહ ઉપરની દૃષ્ટિ છોડ ને તારા જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના કર.

ધર્માત્મા ચક્રવર્તી હીરા માણેકની શિલા ઉપર બેસીને સ્નાન કરે, ઊંચી જાતના ખોરાક ખાય, પણ તે વખતે અંદરમાં ભાન છે કે આ દેહ તે અમારો નથી. દેહનો ક્ષણિક સંયોગ અમારો નથી અમે તો ધ્રુવ જ્ઞાનાનંદ આત્મા છીએ. તે જ અમારું શરણ છે. ચક્રવર્તીનું શરીર પણ ક્ષણમાં વિલય પામી જાય છે. માટે શરીરમાં સ્થિર બુદ્ધિ છોડીને આત્માના નિત્ય સ્વભાવ તરફ વળ.

હવે લક્ષ્મીનું અસ્થિરપણું જણાવે છે:—

**या शाश्वता न लक्ष्मीः चक्रधराणां अपि पुण्यवताम् ।**
**सा किं बध्नाति रतिं इतरजनानां अपुण्यानाम् ।। १० ।।**

**અર્થ:—** જે લક્ષ્મી અર્થાત્ સંપદા (ઉત્કૃષ્ટ) પુણ્યકર્મના ઉદયસહિત જે ચક્રવર્તી તેમને પણ શાશ્વતરૂપ નથી તો અન્ય જે પુણ્યોદય વિનાના વા અલ્પ પુણ્યવાળા પુરુષો તેની સાથે કેમ રાગ બાંધે છે? ૧૦.

જુઓ, લક્ષ્મી વિગેરેનો સંયોગ પૂર્વના પુણ્યથી મળે છે; તેમાં જીવનું વર્તમાન ડહાપણ નથી. ચક્રવર્તીને એવા પુણ્યનો ઉદય હોય છે, હજારો દેવો સેવા કરતા હોય છે, છ ખંડનું રાજ્ય હોય છે, ૯૬ કરોડ પાયદળ હોય છે, ને નવવિધાન હોય છે તે પણ શાશ્વત રહેનારા નથી. તો સાધારણ જીવોની તો શી વાત? જીવો અધ્રુવ લક્ષ્મીના મોહથી ચૈતન્ય ચમત્કારની સંપદાને ભૂલી જાય છે. અહો! આશ્ચર્ય છે કે ચક્રવતી જેવા પુણ્યવંત પુરુષો પાસે પણ લક્ષ્મીનો સંયોગ શાશ્વત્ રહેતો નથી, તો તે લક્ષ્મી અલ્પ પુણ્યવંત જીવો પ્રત્યે રાગ કેમ બાંધે? એટલે કે તેમને લક્ષ્મીનો સંયોગ શાશ્વત્ ક્યાંથી રહે?

જેની દૃષ્ટિમાં ચૈતન્યની દોલત પડી છે એવા ધર્માત્માની દૃષ્ટિ જડ લક્ષ્મીને પોતાની દોલત તરીકે સ્વીકારતી નથી. પુણ્યના વિકલ્પો ક્ષણિક છે, જડ કર્મ બંધાય તે ક્ષણિક છે, ને તેના નિમિત્તે જે સંપદા મળી તે પણ ક્ષણિક છે. માટે તે ક્ષણિકની ભાવના તરફ પર્યાયને ન વાળતાં ધ્રુવ સ્વભાવ તરફ પર્યાયને વાળીને તે ધ્રુવની ભાવના કરવી. એવું આ ભાવનાનું તાત્પર્ય છે.

ચૈતન્યનું સ્વામીપણું ચૂકીને અજ્ઞાની જીવો બહારની સંપદાનું અભિમાન કરે છે, તેને કહે છે કે અરે ભાઈ! ચક્રવર્તી જીવોને પણ બહારની સંપદા ક્ષણ-ભંગુર છે, તો તારી પાસે તે સંપદા શાશ્વત કેમ રહેશે? નહિ જ રહે. માટે તેનો અહંકાર છોડીને સ્વભાવની દૃઢતા અને ભાવના કર. ચૈતન્યની ભાવના સિવાય બહારના સંયોગની પ્રીતિ કરવી તે વૃથા છે. માટે તેની પ્રીતિ છોડ ને ચૈતન્યસ્વરૂપની ભાવના કર. (ક્રમશઃ)

—o—

## તું તારા ધ્યેયને ચૂકીશ નહિ

દુનિયા આખી ઊંધી પડી જાય, ફરી જાય તોપણ તું તારા ધ્યેયને ચૂકીશ નહિ. અંદર આનંદનો નાથ પ્રભુ આત્મા છે તેને ચૂકીશ નહિ. દુનિયા તો કહેશે કે માળો, આતો ભ્રષ્ટ થઈ ગયો, નિશ્ચયાભાષી થઈ ગયો, વ્યવહારની કાંઈ કિંમત કરતો નથી. આખી દુનિયા ભલે કહે, પણ તું અંદર ઊંડો ઊતરી જા. અહો! બંનેની ભાષા કેવી છે, જોઈ?—'આકાશ ને પાતાળ ભલે એક થાય.' જોકે કોઈ દી એક થતાં નથી પણ એમ કહીને કહે છે કે ઊંધા પડેલા માણસો—પંડિત નામ ધરાવનારા, ત્યાગી નામ ધરાવનારા, સાધુ નામ ધરાવનારા—બધા તારો વિરોધ કરે અને કહે 'આ વ્રત, તપ ને ભક્તિ કરીએ છીએ તે શું ધર્મ નહિ?'—એમ દુનિયા આખી ભલે ફરી જાય, પણ ભાઈ! અંદર અતીન્દ્રિય આનંદનો સાગર છે તે દેહથી ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એને જાણનારી એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે, તેવા તારા ધ્યેયને ચૂકીશ નહિ. અંદર જ્યાં જવું છે તે આનંદના નાથના સંસ્કાર નાખી તેમાંથી સમ્યગ્દર્શન પામવાનો પ્રયત્ન કર; એ સિવાય બીજું કોઈ સાધન થશે નહિ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વચનાતીત ચૈતન્યરત્નને લક્ષમાં લે

### શ્રી પદ્મનંદિ પંચવિંશતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

આજે ભગવાન મહાવીર પરમાત્માને કેવળજ્ઞાન થયાનો દિવસ છે તેથી માંગલિક છે. આજે આ પદ્મનંદિ પંચવિંશતિનો "નિશ્ચય પંચાશત" અધિકાર વંચાય છે. આત્માનું નિશ્ચય એટલે વાસ્તવિક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ શું છે, તેનું યથાર્થ જ્ઞાન જીવે પૂર્વે કદી કર્યું નથી, ને નિશ્ચય સ્વરૂપના જ્ઞાન વિના અનાદિથી જીવ સંસારમાં રખડે છે. તેથી અહીં આ અધિકારમાં શાસ્ત્રકાર આત્માનું નિશ્ચય સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તે ઓળખાવે છે, તેમાં મંગલાચરણ કરતાં ચૈતન્યનો મહિમા કરે છે:

दुर्लक्ष्यं जयति परं ज्योतिर्वाचां गणः कवीन्द्राणाम् ।
जलमिव वज्रे यस्मिन्नलब्धमध्या बहिर्लुठति ।। १ ।।

**અર્થ:**—જેમ હીરા-રત્નમાં-વજ્રમાં પાણી અંદર પ્રવેશતું નથી, પણ બહાર જ રહે છે, તેમ ચૈતન્ય સ્વરૂપ જ્યોતિ ભગવાન આત્મામાં મોટા મોટા કવિઓની વાણી પણ પ્રવેશી શકતી નથી, પણ ચૈતન્યની બહાર જ રહે છે-આવું ચૈતન્યસ્વરૂપ જગતમાં દુર્લક્ષ્ય છે. તે ઉત્કૃષ્ટ જ્યોતિ જયવંત હો. ૧.

અહો! ભગવાન આત્મા વચનાતીત છે. તેનામાં વાણીનો પ્રવેશ નથી. વાણીથી વર્ણન કરે, પણ પોતે અંતરમાં લક્ષ કરીને અનુભવમાં પકડે તો વાણીને નિમિત્ત કહેવાય. તાજા ઘીનો સ્વાદ ખ્યાલમાં આવે પણ વાણીથી તે બતાવી શકાતું નથી, તેમ ચૈતન્યસ્વભાવ અંતરના જ્ઞાન વડે અનુભવમાં આવે છે, પણ વાણી દ્વારા તેનું પૂરું વર્ણન થઈ શકતું નથી. છતાં જ્ઞાનમાં ન સમજી શકાય એવું નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા દુર્લક્ષ્ય છે એટલે ઈંદ્રિયોથી કે વિકલ્પોથી તે લક્ષમાં આવે તેવો નથી. જ્ઞાનને અંતર્મુખ કરીને લક્ષમાં લે તો ભગવાન આત્મા જણાય તેવો છે.

જેમ હીરામાં પાણીનો પ્રવેશ થતો નથી, તેમ ચૈતન્યરત્નમાં વાણીનો કે વિકલ્પનો પ્રવેશ થતો નથી. જુઓ, વાણીથી કથન કરે છે. છતાં કહે છે કે ભગવાન! ચૈતન્ય સ્વરૂપી આત્મા વાણીથી અગોચર છે. વાણીમાં તો અમુક આવે પણ અંતરમાં જ્ઞાન વડે પોતે ખ્યાલમાં લઈ લયે તે તે જ્ઞાન વડે જ સમજાય તેવું છે. ચૈતન્યજ્યોત આત્મા છે. તે સ્વ-પરનો પ્રકાશક છે. જેમ અગ્નિમાં પાચક દાહક ને પ્રકાશક એવી ત્રણ શક્તિ છે. તેમ ચૈતન્યજ્યોત આત્મામાં સમ્યગ્દર્શનની એવી પાચક શક્તિ છે કે ત્રિકાળી જ્ઞાનાનંદસ્વભાવને અંતરની પ્રતીતિમાં પચાવી દે છે, તથા સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, ને સમ્યક્ચારિત્રનો સ્વભાવ રાગાદિને બાળી નાખે તેવો દાહક છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તે સ્વભાવમાં પરિપૂર્ણ જાણવાની તાકાત છે. જેનો જે સ્વભાવ હોય તે અપૂર્ણ ન હોય. વર્તમાન વ્યક્ત જ્ઞાન થોડું હોવા છતાં જ્ઞાનની પરિપૂર્ણ તાકાત આત્મામાં ભરી છે. જેમ લીંડીપીપરના એકેક દાણામાં ચોસઠ પહોરી તીખાશની પૂરી શક્તિ છે, તેમ એકેક આત્મામાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી પૂર્ણ સર્વજ્ઞશક્તિ પડી છે. અલ્પજ્ઞતા વખતે પણ ધર્મીને એવી પ્રતીત છે કે મારો સ્વભાવ અલ્પજ્ઞ નથી પણ સર્વજ્ઞ થવાનો મારો સ્વભાવ છે. અત્યારે જ મારા સ્વભાવમાં સર્વજ્ઞતાની તાકાત પડી છે. આવી શ્રદ્ધા અને જ્ઞાન થવા છતાં ધર્મીને હજી નીચલી દશામાં પુણ્ય-પાપના ભાવો આવે ખરા પણ ત્યાં અંતરમાં પુણ્ય-પાપથી પાર જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ વર્તે છે.

સમ્યક્-શ્રદ્ધામાં જ એવી તાકાત છે કે આખા ચૈતન્યતત્ત્વને પ્રતીતમાં પચાવી લે છે. લોકો બોલે છે કે "મૂડી-લક્ષ્મી ખેડૂત ન પચાવી શકે, વાણીયા પચાવી શકે." —તેમ અહીં આત્મા વેપારી પોતાના ચૈતન્ય ઉપયોગના વેપારમાં અખંડ ચૈતન્ય-સ્વભાવને લક્ષમાં લઈને પ્રતીતમાં પચાવે-એવી તેની તાકાત છે. રાગમાં એવી તાકાત નથી કે રાગ વડે અખંડ ચૈતન્યસ્વભાવ પ્રતીતમાં આવે. બહારમાં પુણ્ય હોય તો પૈસા વગેરે મળે, તેમાં જીવનું કાંઈ કાર્ય નથી. જિનમંદિર વગેરેમાં લાખો રૂપિયા ખર્ચે પણ પૈસા ખરચતાં ખૂટતાં નથી. પુણ્ય હોય તો પૈસા ખૂટે નહિ, ને પુણ્ય ખૂટે તો પૈસા રહે નહિ, માટે પૈસાને આત્મા પચાવી શકે એ વાત તો સાચી નથી, પણ અંતરના અખૂટ ચૈતન્યનિધાનને પ્રતીતમાં પચાવી દેવાની સમ્યક્-શ્રદ્ધાની તાકાત છે. એ સિવાય બીજામાં-રાગાદિમાં તેવી તાકાત નથી. મારામાં સર્વજ્ઞતાની તાકાત છે—એમ પહેલાં પ્રતીત તો કર! ચૈતન્યજ્યોતિ ભગવાન આત્મામાં સ્વ-પરને જાણવાની તાકાત છે એટલે કે પ્રકાશક શક્તિ છે અને તેમાં એકાગ્ર થતાં રાગાદિ વિકારને ભસ્મ કરી નાખે એવો દાહક સ્વભાવ છે એટલે કે સમ્યક્-ચારિત્ર વડે રાગાદિ વિકારનો નાશ કરી નાંખવાની ચૈતન્યજ્યોતની તાકાત છે. અહો! આવું પરમ ચૈતન્યતત્ત્વ જગતને દુર્લક્ષ છે. વાણીથી તેનું અમુક કથન આવશે. પણ વાણી કાઢવી તે અમારો સ્વભાવ નથી. અમારા આત્મામાંથી વાણી નીકળતી નથી અને તે વાણી તારા આત્મામાં પ્રવેશતી નથી. એટલે વાણીના લક્ષે આત્મા નહિ પકડાય, પણ વાણીનું લક્ષ છોડીને અંતરસ્વભાવ સન્મુખ થઈને આત્માને પકડે તો તે લક્ષમાં આવે તેવો છે. અંતર સ્વભાવમાં લક્ષ કરવાનો પ્રયત્ન અનંત કાળમાં એક સેકંડ પણ જીવે કર્યો નથી. પુણ્ય-પાપ મને હિતરૂપ છે અને સંયોગો મને મદદ કરશે એમ માનીને જીવ બહારમાં જ અટક્યો છે, પણ અંતરમાં ચૈતન્યનું લક્ષ કદી કર્યું નથી. માટે તે દુર્લક્ષ છે. તીખા (મરી) ની તીખાશ અને મરચાની તીખાશ એ બન્નેના રસમાં ફેર છે, તે જ્ઞાનથી ખ્યાલમાં આવે છે, પણ વાણીથી તે પૂરું સમજાવી શકાતું નથી; તેમ અહીં શાસ્ત્રકાર સંતો કહે છે કે અહો! ભગવાન આત્મા ચૈતન્યરસનો પિંડ છે, તે ચૈતન્યરસનો સ્વાદ અનુભવમાં આવે પણ વાણી દ્વારા તેના

શાંત આનંદરસનું વર્ણન થઈ શકતું નથી. પ્રભો! વાણીનો પ્રવેશ આત્મામાં નથી. જુઓ, આ ચૈતન્યતત્ત્વનો મહિમા!! ચૈતન્યસ્વભાવનું સામર્થ્ય શું છે–તે અંતરમાં ન ભાસે તો વાણી શું કરે?

(૧) ચૈતન્યના સ્વભાવની સામર્થ્યતા, (૨) વિકારની વિપરીતતા અને (૩) સંયોગોની પૃથકતા–એ ત્રણે બોલ બરાબર ઓળખે, તો સંયોગ અને વિકારનું લક્ષ છોડીને ચૈતન્યસ્વભાવમાં લક્ષની એકાગ્રતા કરે. સંયોગ અને વિકારથી પાર એવા ચૈતન્ય-સ્વભાવનું સામર્થ્ય જ્યાં સુધી લક્ષમાં ન આવે, ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન થાય નહિ. માટે કહે છે કે ભાઈ! જેમ પાણી હીરામાં અંદર પ્રવેશ કરતું નથી પણ બહાર જ રહે છે, તેમ ચૈતન્યરત્નમાં મોટા મોટા યોગીઓની વાણી પણ પ્રવેશ કરી શકતી નથી. વાણી વાણીના યોગે નીકળે પણ જો તેનો ભાવ લક્ષમાં ન લ્યે તો વાણીમાં સમજાવી દેવાની તાકાત નથી. ગણધરોની વાણીમાં પણ ચૈતન્યનું વર્ણન પૂરું ન આવ્યું. અહો! આવા ચૈતન્યસ્વભાવનું લક્ષ સંસારના જીવોને બહુ દુર્લભ છે. અશક્ય નથી, પણ ઘણા પ્રયત્ને થઈ શકે એવું દુર્લભ છે. આ પ્રમાણે ચૈતન્યસ્વભાવનો મહિમા કર્યો તે માંગલિક છે. શાસ્ત્રકાર કહે છે કે અમને ચૈતન્યતત્ત્વના વર્ણનનો વિકલ્પ ઊઠયો છે અને વાણીના યોગે વાણી નીકળે છે, પણ અરે! ચૈતન્યતત્ત્વ તો આ વિકલ્પ અને વાણી બન્નેથી અગોચર છે. વાણી તો જડ છે ને વિકલ્પ તે વિપરીત (વિકારી) છે. તેના વડે ચૈતન્યતત્ત્વ લક્ષમાં આવતું નથી. અંતરના જ્ઞાન વડે જ લક્ષમાં આવે એવું ચૈતન્યતત્ત્વ છે.

વિકલ્પ ઊઠયો છે, પણ તે વિકલ્પ વડે ચૈતન્યતત્ત્વ અગોચર છે એમ કહીને તે વિકલ્પને હેય કરી નાખ્યો છે. અરે! મારું ચૈતન્યતત્ત્વ આ વિકલ્પથી પાર છે. આમ જ્યાં જ્ઞાનને અંતરમુખ કરીને અંદરથી ચૈતન્યનો ઝણઝણાટ આવ્યો ત્યાં ચૈતન્યતત્ત્વ અનુભવમાં ને લક્ષમાં આવે છે. અહો! અમારો આત્મા વચનાતીત છે. વિકલ્પથી પાર છે. એમ પોતે જાગૃતિ કરીને પુરુષાર્થ વડે ચૈતન્યતત્ત્વની સન્મુખ થાય તો અંદરથી ચૈતન્યનો ઝણકાર જાગે ને આનંદનું વેદન થાય. સંતોને એવો વિકલ્પ ઊઠયો કે અહો! આવું પરમ ચૈતન્યતત્ત્વ છે, તેને જગતના જીવો સમજે ને આત્માના આનંદની સન્મુખ થાય! એવા વિકલ્પથી વાણી નીકળી પણ તે વિકલ્પ કે વાણી વડે આત્મા અનુભવમાં આવી જાય એવો નથી. તું વિકલ્પ અને વાણીનું અવલંબન છોડીને જ્ઞાનાનંદ સ્વભાવને પકડવાનો પ્રયત્ન કર તો તને વાણી નિમિત્ત કહેવાય, પણ ચૈતન્યતત્ત્વ તો વાણીથી પાર છે. વાણી જડ–રૂપી છે, તેનામાં એવી તાકાત નથી કે તે ચૈતન્યતત્ત્વની અંદર પ્રવેશીને તેનું વર્ણન કરે! વાણી તો ચૈતન્યતત્ત્વની બહાર જ લોટે છે. ચૈતન્ય-તત્ત્વ તે વાણીથી પાર છે. (ક્રમશઃ) * * *

# શુભ-અશુભ રહિત ચૈતન્યની પ્રતીતિ કરવી તે અપૂર્વ છે

[ શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સહેલું પ્રવચન ]

[ પ્રવચન-ચોથું ]

આ ગ્રંથનું નામ તત્ત્વજ્ઞાનતરંગિણી છે. તેમાં કહે છે કે આત્મા વસ્તુ છે. તેની શરૂઆત ન હોય તેમ નાશ ન હોય. આત્મા શુદ્ધ જ્ઞાનરૂપ છે. તેનું સ્વરૂપ સત્સમાગમે શ્રવણ કર્યું નથી ને શ્રવણ કર્યું હોય તોપણ પોતામાં સ્વરૂપ સમજ્યો નથી. આત્માના જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય ન આવે ત્યાં સુધી પરિભ્રમણ મટે નહિ. આવા દેહ અનંતવાર ધારણ કર્યા, આત્મા એનો એ છે. શુભભાવ કરે તો સ્વાર્ગાદિ અથવા રાજ્યપદ મળે, ને કાંઈ હિંસાના પાપ ને ક્રોધ-માનાદિ કરે તો તેના ફળમાં પ્રતિકૂળતા આવી પડે છે. અનંતકાળથી પોતાના સ્વરૂપને નહીં જાણતા પુણ્ય-પાપના ફળ ભોગવે છે.

આ વિદ્યા બીજી છે. લૌકિક વિદ્યાથી જુદી વાત છે. વળી પૈસા મળવા તે પુણ્યને આધીન છે. સહી કરતાં ન આવડે છતાં લાખ રૂપિયા વરસે કમાય ને સાધારણ માણસ બુદ્ધિવાળો કોમળતાવાળો હોય તોપણ પાંચ હજાર દર વરસે ભેગા ન થાય. પૂર્વના પુણ્ય વિના પૈસા મળે નહિ ને પાપના ઉદયે પ્રતિકૂળતા આવ્યા વિના રહે નહિ. દયા-દાન-વ્રત-તપ શુભભાવ છે તે ધર્મ નથી. શુભ ભાવ કરે તો તેના ફળમાં પુણ્ય બંધાય તેના ફળમાં દુનિયા જેને અનુકૂળતા કહે છે તે મળે છે. પરંતુ પૈસામાં ને મકાનમાં ને બૈરામાં આનંદ નથી. અજ્ઞાની જીવ આનંદ માની બેસે છે. આત્મા પોતે ભગવાન છે. પોતા માટે બીજા કોઈ ભગવાન નથી. ભગવાનને કહે હે પ્રભુ! આ દુઃખ સહન થતા નથી. હવે મને ઉગાર. તો શું ભગવાને અત્યાર સુધી તને ડૂબાડયો? -ના, પોતાની ભૂલથી ડૂબ્યો છે. પુણ્ય-પાપ વિકાર છે. વિકાર સ્વભાવની ઉલટી દશા છે. આ લાકડામાં ક્રોધ નથી કે તેનામાં ક્ષમાગુણ નથી. આત્મામાં ક્ષમાગુણ છે તેની ઉલટી દશા ક્રોધ છે.—આ આત્માની વાત ચાલે છે. આત્મા અનાદિનો છે. મોટો દેવ થયો, રાજા થયો, શેઠીયો થયો, પણ આત્માની સમજણ કરી નહિ. રાજ્ય કે પૈસા સુખ આપતા નથી. આવા મનુષ્ય દેહ મળવા દુર્લભ છે.

આત્મા અનાદિકાળનો સચ્ચિદાનંદસ્વરૂપ છે, તેનું સ્વરૂપ શુદ્ધ છે. જેમ કાચા ચણા સીધા ખાવાથી તૂરા લાગે છે ને વાવે તો ઉગે અને તેને શેકવાથી મીઠાશ પ્રગટ થાય, તૂરાશ નાશ પામે તથા વાવે તો ઉગે નહિ. તે દૃષ્ટાંત આત્મામાં ઉતરે છે. શરીર, દેશ, કુટુંબ, આદિ મારા છે એથી મમતા કરે છે, પુણ્ય-પાપ મારા માની મમતા કરે છે તે અજ્ઞાનરૂપી મમતા કાચા ચણાની તૂરાશની જેમ છે. આત્મા અનાદિ અનંત શુદ્ધ

સ્વરૂપી છે, તેનું ભાન કરે તો આત્માના આનંદરૂપી મીઠાશ પ્રગટ થાય અને ફરીથી સંસારમાં અવતાર ન થાય.

અનાદિના ભવ છે. મુક્ત દશા થઈ ગઈ હોય તો ફરી સંસાર ન થાય. આત્મા આનંદસ્વરૂપ છે તેની શ્રદ્ધા–જ્ઞાન કરીને પરમાત્મદશા પ્રગટ કરે તો ફરી સંસાર ન થાય.

## * તીવ્ર અશુભનું ફળ નરક ગતિ ને માયાનું ફળ તિર્યંચ ગતિ છે *

આ ન્યાય સહિત વાત ચાલે છે. જ્ઞાનને પોતાના અંતરમાં દોરી જવું તે ન્યાય છે. દેવ, નારકી, તિર્યંચ, મનુષ્યના ભવો અનંતા કર્યા છે–માંસ ને દારૂખાનારા ને લડાઈના પરિણામ કરનારા નરકમાં જાય છે. જે જીવ એક પ્રતિકૂળ માણસને મારવા માગે છે તેના અભિપ્રાયમાં તે લાખ કરોડ પ્રતિકૂળ માણસોનો અભાવ કરીને સગવડતા ઇચ્છે છે. ભલે લાખ કરોડ માણસો વિઘ્નરૂપ ન આવે પણ તેના ભાવમાં ઘણાને મારવાનો અભિપ્રાય છે. ભાવની ગુણાકારની તીવ્રતાનું ફળ નરક ગતિમાં છે. એક માણસને મારે તો એકવાર ફાંસી આપે. હવે જો તે લાખ માણસને મારે તો તેને લાખવાર ફાંસી આપવાનું સાધન મનુષ્ય ક્ષેત્રમાં છે?–ના, કુદરતના કાયદામાં નીચે નરક છે. ત્યાં તેને ફળ મળે છે. અનાદિ કાળમાં આવા નરકના ભવ કર્યા. દેવ, ઢોર ને મનુષ્યના ભવ અનંતવાર કર્યા. ચોરાશીના અવતારમાં રખડી રહ્યો છે. આત્મા આનંદમૂર્તિ છે. સત્ એટલે હોવાવાળો. ચિત્ = જ્ઞાન તથા આનંદ આમ જ્ઞાન ને આનંદની મૂર્તિ રૂપ આત્મા છે, તેને ચૂકીને પૈસામાં–બૈરામાં આનંદ માને છે. આમ અજ્ઞાનને લીધે આનંદનો સ્વાદ આવતો નથી. ચણામાં મીઠાશ પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ થાય છે. તેમ આત્મામાં આનંદ પ્રાપ્તરૂપ છે, તેની પ્રાપ્તિ થાય છે એવું ભાન થયું નથી. પુણ્ય–પાપના ભાવ કરી ચારગતિમાં રખડયો; એક દિવસના લાખ રૂપિયાની પેદાશ કરે તેવો શેઠીઓ થયો ને રાજા થયો–કારણ કે આત્મા અનાદિનો છે. અનાદિથી પરિભ્રમણ કરતો આવે છે. ક્રૂર પરિણામનું ફળ નરક છે. માયા કરે તેનું ફલ તિર્યંચ ગતિ છે. ગાયો ભેંશોના શરીર આડાં છે–પૂર્વે આડોડાઈ વક્રતા ને માયા ઘણી કરી હોવાથી ઢોરના આત્માને શરીર પણ આડા મળે છે.

## * શુભભાવ ને તેનું ફળ દેવાદિગતિ અપૂર્વ નથી *

કોમળતા હોય, અનુકંપાના ભાવ હોય, મંદતાના ભાવ હોય, તેને મનુષ્યપણું મળે છે, ને ઉગ્રપણે શુભભાવ હોય, તો દેવગતિ મળે છે, આમ ચાર ગતિના શુભાશુભ કારણો સેવીને પરિભ્રમણ કરે છે. અત્યાર સુધી જે કાંઈ કર્યું તે અપૂર્વ નથી. નવી ચીજ નથી. શરીર, મન, વાણીના ફળ જે કારણથી મળે તે વિકાર ને તેના ફળ મારી ચીજ નથી. તે વિનાનો મારો આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેવી દૃષ્ટિ કરી નથી....ચણાને શેકવાથી તૂરાશ જાય ને મીઠાશ થાય તથા ફરી વાવે તો ઉગે નહિ, તેમ આત્માના શ્રદ્ધા જ્ઞાન કરવાથી સંસાર ટળે ને મોક્ષ દશા થાય ને ફરી સંસારમાં આવે નહિ.

## * આત્મા નિત્ય રહીને અવસ્થામાં તરંગો ઉઠે છે *

આત્મા સર્વથા કૂટસ્થ હોય તો વિકાર કરનારો કોણ છે તે સાબિત થાય નહિ. રૂપાંતર ને પરિણમન થતું ન હોય તો લૌકિક સુખ દુઃખનો અભાવ કરી, પૂર્ણ દશા પામી શકે નહિ. આત્મા એકરૂપ નિત્યાનંદ સર્વથા નથી. નિત્ય–પરિણામી આત્મા છે. જો બદલતો ન હોય તો દુઃખનો નાશ કરી, આનંદનો અનુભવ થઈ શકે નહિ. પરિભ્રમણનું દુઃખ જડ ભોગવતું નથી. શરીરના ધર્મ શરીર ભોગવે છે તે વાત ખોટી છે. દુઃખ શરીરમાં નથી, પરમા નથી, શરીર ધૂળ છે, તેમાં દુઃખ નથી; પાણીમાં મોજા ઉઠે છે, તેમ આત્મામાં તરંગ ઉઠે છે. અનાદિકાળથી અજ્ઞાનીને શુભ-અશુભ તરંગો ઉઠે છે તે જડના લીધે ભૂલ્યો નથી. પોતાના કારણે ભૂલ કરે છે. તરંગમાં મેલ પડયો હોય તો મેલના તરંગ ઉઠે છે. તેમ આત્મામાં મલિન પરિણામના તરંગ ઉઠે છે તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. આત્મામાં તરંગ તો ઉઠે છે, કૂટસ્થ નથી. શુભ-અશુભ લાગણી જીવ કરે છે પણ જડ કરાવતા નથી.

## * ચૈતન્યબીજની પ્રતીતિ કરવી તે અપૂર્વ છે *

આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને વિકારની દશા કરતો આવે છે. પરિભ્રમણનો થાક લાગ્યો હોય તેની વાત ચાલે છે. એક કણબીએ પૂછયું—આ અવતારના આરા કયાંય છે? – –ભાઈ! ચૈતન્યબીજની પ્રતીતિ કરે તે ખરેખર કણબી છે. જેમ બી રાખીને કણને ભોગવે તે ખરો કણબી છે. તેમ આત્માનો આનંદ અંદરમાં છે. ઉલટી દશા પુણ્ય-પાપ છે, તેથી રહિત પોતાના આત્માને ઓળખીને બીજ રાખે, તે ખરો ભાવ કણબી છે. આ સમજ્યા વિના કોઈ વખતે રાંક થાય કે રાજા થાય, દેવ થાય કે નારકી થાય, પણ પુણ્ય–પાપ વિનાનો આત્મા આનંદ કંદ છે તેની પ્રતીતિ વિના અવતારના આરા આવે નહિ. લાખ રૂપિયાનું દાન આપવાથી કલ્યાણ થતું નથી. કષાયની મંદતા કરે તો પુણ્ય છે. દયા, દાનના ભાવ કરવા તે પુણ્ય છે, ધર્મ નથી. તે પણ કર્મચક્ર છે. પૈસાના આધારે પુણ્ય નથી, જેવા ભાવ કરે તે પ્રમાણે પુણ્ય છે. પણ પુણ્યથી ધર્મ માને તો ભ્રાન્તિ થાય છે. આત્મા આનંદ ને જ્ઞાનની શક્તિનો પિંડ છે. તેના ભાન વિના ધર્મ થતો નથી. પૈસા આપવાથી ધર્મ થાય તો ગરીબને કદી ધર્મ થાય નહિ. આત્મા પુણ્ય–પાપમાં રોકાઈને ઈંદ્રિયથી કલ્યાણ કરવા માગે છે પણ ઈન્દ્રિય ને પુણ્ય–પાપના ફળથી આત્મા મળે તેમ નથી તે ચોથી ગાથામાં બતાવે છેઃ—

स्पर्शरसगंधवर्णैः शब्दैर्मूक्तो निजरंनः स्वात्मा ।
तेन च स्वैरग्राह्योऽसावनुभावनाग्रहीतव्यः ॥ ४ ॥

“સ્પર્શાદિ આત્મા નથી માટે આત્મા પાંચ ઈન્દ્રિયો વડે અનુભવાય એવો નથી.”

આત્મા ટાઢો-ઉનો નથી, ખાટો-મીઠો આત્મા નથી, ગંધ કે વર્ણ આત્મા નથી. વળી દયા-દાન અપરાધ છે પણ તે વિનાનું તત્ત્વ આનંદ કંદ છે. સ્ફટિકમાં ઉપાધિના કારણે લાલાશ ને કાળાશની ઝાંખપ દેખાય છે પણ તે સ્ફટિકનું મૂળ સ્વરૂપ નથી. કાળાશ ને લાલ ફૂલના લીધે ઝાંખપ દેખાતી નથી. પણ સ્ફટિકની વર્તમાન યોગ્યતાના લીધે કાળપ ને લાલપ દેખાય છે પણ તે ક્ષણિક છે. સ્ફટિકનું મૂળ સ્વરૂપ નથી. તેમ આત્માના પર્યાયમાં પાપના ભાવ થાય તે કાળપ સમાન છે, ને પુણ્યના ભાવ થાય તે લાલપ સમાન છે. અજ્ઞાનીને આત્મા પુણ્ય-પાપરૂપ ભાસી જાય છે પણ પુણ્ય-પાપ વિનાના આત્માની સમજણ કરી નથી. અહીં આત્મા કેવો છે તે બતાવે છે. દરેકનો આત્મા વિકારની ક્ષણિક ઉપાધિ રહિત છે. આંખ રંગને જાણે પણ આત્માને જોઈ ન શકે. નાક ગંધને જાણે પણ નાકથી આત્માને જાણી શકે નહિ, જીભ ખાટા-મીઠા સ્વાદને જાણે પણ જીભ આત્માનો અનુભવ કરી શકે નહિ. સ્પર્શેન્દ્રિય ટાઢા-ઉનાને જાણે પણ સ્પર્શેન્દ્રિયથી આત્માનો અનુભવ થાય નહિ, કાન શબ્દને સાંભળે પણ કાન વડે આત્માનો અનુભવ થાય નહિ.

## પુણ્ય-પાપની ઉપાધિ વિનાનો આત્મા સ્વચ્છ સ્ફટિક સમાન છે.

અજ્ઞાની જીવને એક પ્રતિકૂળતાનો અંશ ગોઠતો નથી, પણ પ્રતિકૂળતાના કારણો પાપ ભાવ તો સેવી રહ્યો છે. માટે હે આત્મા! તારી વાત સાંભળ. આત્મા નિરંજન છે. સ્ફટિકમાં કાળપ ને લાલપ ઉપાધિ છે. મૂળ સ્વરૂપ નથી. તેમ આત્મામાં શુભ-અશુભ ભાવ બન્ને ઉપાધિ છે પણ મૂળ સ્વરૂપ નથી. ઉપાધિ ભાવ જેટલો માની પોતાના સ્વરૂપને ચૂકી જાય છે. આત્મા ઇંદ્રિયથી પકડાય તેવો નથી. પાંચ ઇંદ્રિયો પોતાના વિષયોને જાણે પણ ઇંદ્રિયો આત્માને જાણે નહિ, પણ આત્માને પોતાના અનુભવથી જણાય તેવો છે. પુણ્ય-પાપ ને ઇન્દ્રિયોથી આત્માનું વેદન થાય તેવું પણ નથી.

આત્માના ભાન વિના બધું મીંડા સમાન છે. કોઈ ભક્તિના શુભરાગ કરતા હોય તો તેના અજ્ઞાની વખાણ કરે છે. પણ ભાઈ પુણ્ય-પાપના ભાવ વિકૃત છે, તેના ફળમાં સંયોગની પ્રાપ્તિ થાશે, પણ આત્માની પ્રાપ્તિ થાશે નહિ.

## બૈરા- છોકરા સંસાર નથી પણ શરીરાદિની તથા શુભાશુભભાવોની ક્રિયાને મારી માનવી તે જ સંસાર છે.

સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે આત્મા તારૂં સાધન છે. લૌકિક ભણતરમાં કેટલાંય વરસ જાય છે તેમ આ અલૌકિક ભણતર માટે ટાઈમ લેવો જોઈએ. બૈરા છોકરા સંસાર નથી, બૈરા-છોકરા સંસાર હોય તો મરતાં બધું મૂકી જાય છે તો તેની મુક્તિ થવી જોઇએ, કારણકે શરીર ને પૈસા સાથે આવતા નથી; માટે તે સંસાર નથી. બૈરા-છોકરા આત્મામાં પેઠા નથી. સંસરણ ઇતિ સસાર. જ્ઞાનાનંદ આત્માને મૂકીને પર પદાર્થો મારા છે ને તેમાં સુખ છે એવી માન્યતા સંસાર છે. તે માન્યતા સાથે લઈને જાય છે.

સંસાર શું છે તેની ખબર નથી. પુણ્ય-પાપ મારાં છે ને શરીરની ક્રિયા મારી ક્રિયા છે એવી મમતા સંસાર છે. આ મમતા છોડયા વિના બહારના ત્યાગી થાય તોપણ વ્યર્થ છે.

ત્રિલોકનાથ ભગવાન કહે છે કે અરે! આત્મા તારા આત્માની સાચી વાત સાંભળી નથી. બહારના પદાર્થો સંસાર નથી, જીવ નિંદ્રામાં હોય ત્યારે બહારના પદાર્થો સાથે હોતા નથી. પોતાના જ્ઞાનાનંદને ભૂલીને પરને મારા માનીને સૂતો છે તે સંસાર છે. સંસાર એટલે ભૂલ, ભૂલ કયાં રહે? ભૂલ પોતામાં છે. ઇંદ્રિયથી પાર ભગવાન અતીન્દ્રિય આત્માને જાણતો નથી તે અજ્ઞાન સંસાર છે.

**આત્મા ઇંદ્રિયો વડે અનુભવાય તેવો નથી પણ જ્ઞાન વડે અનુભવાય તેવો છે.**

ભગવાન આત્મા ઇંદ્રિયોથી પકડાય તેવો નથી પણ જ્ઞાન દ્વારા પકડાય તેવો છે. શરીર ને ઇંદ્રિય હું નથી. વિકાર મારું લક્ષણ નથી. જ્ઞાન મારું લક્ષણ છે. આમ જ્ઞાન દ્વારા આત્માનો ભરોસો કરે તો ધર્મની શરૂઆત થાય છે.

લાખો રૂપિયા દાનમાં આપવાથી ધર્મ નથી. તૃષ્ણા મંદ કરે તો પુણ્ય છે. તીવ્ર કષાય ભાવ કરે તો પાપ છે. પુણ્ય-પાપ વિનાનો આત્મા જ્ઞાતાદૃષ્ટા છે. જગતમાં પદાર્થો દેખાય છે, તે દૃષ્ટાનું દૃશ્ય છે. જ્ઞાતાનું જ્ઞેય છે, આત્મા પરના કાર્ય કરી શકતો નથી. આત્મા જાણનાર દેખનાર છે. તેવા ભાન વિના પરના અહંકાર ટળે નહિ, પોતાના પુરુષાર્થથી ખેતીના કામ થતા નથી, એક કણબીને ખેતીમાં પચ્ચીસ હજાર રૂપિયા મળે ને કોઈને ઓછા મળે છે. માટે રૂપિયા મળવા બુદ્ધિના ફળ નથી. પૂર્વના પુણ્યના ફળ છે. અજ્ઞાનીને પરનો અહંકાર ટળતો નથી. અમો વ્યવસ્થિત કાર્ય કરીએ તો કમાણી પેદા થાય એમ અહંકાર કરે છે. ભાઈ પ્રારબ્ધ અનુસાર પૈસા મળે છે. (ક્રમશઃ)

### * યથાર્થ પુરુષાર્થ કર *

જિજ્ઞાસુને ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દૃષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિ માટે એકદમ ખોટી ઉતાવળ કરવી નહિ, ઉતાવળ કરતાં રાગ છૂટશે નહિ ને ઉલટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઊભા રહીને રાગ છૂટશે નહિ ને મુંઝવણ થશે અને સ્વભાવના અસ્તિ પક્ષનો યથાર્થ પુરુષાર્થ ઉપડતાં રાગ સહજ છૂટી જશે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# ક્રમબદ્ધ પરિણમન: વસ્તુસ્વભાવ

(શ્રી સમયસાર ગા. ૩૦૮/૩૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આત્મા જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન તેનો પરમ સ્વભાવ છે, તેની સાથે અનંતા ગુણો રહેલા છે, તેનું ક્રમસર પરિણમન થાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે. પરના કાર્યનું કારણ થવું કે પરના કારણે પોતામાં કાર્ય થવું એ જ્ઞાનસ્વભાવમાં નથી. અનંતા ગુણોનો ક્રમસર પર્યાય જે સમયે જે થવાનો હોય તે જ થાય છે.

આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંતા ગુણો છે. તે દરેકનો પર્યાય નિશ્ચિત્ છે. તે કેવળીએ જોયું છે માટે નિશ્ચિત છે એમ નહિ. કેવળી ભગવાન જાણનાર છે, અને તેમણે જણાવ્યું છે માટે નિશ્ચિત છે એમ નહિ. તેઓ ક્રમબદ્ધ પર્યાયના કર્તા નથી. તેમણે પોતાનો અને દરેક પદાર્થનો સ્વભાવ જેમ છે તેમ જાણ્યો છે, અને જણાવ્યો છે.

દરેક દ્રવ્યનો પર્યાય ક્રમબદ્ધ થાય છે. જીવના પરિણામ જે વખતે જે થાય તેનો કરનાર જીવ પોતે છે. બીજો કોઈ તેનો કર્તા નથી. અહા! દરેક દ્રવ્ય કર્તાપણે જ્યારે સ્વતંત્રપણે કાર્ય કરશે, ત્યારે સર્વજ્ઞ જાણશે એમ છે જ નહિ. કેમકે કેવળી તો ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણે છે. કેવળી ભગવાને એક સમયમાં બધું જાણ્યું છે ને તેવું જણાવ્યું છે. ધૂમાડો અગ્નિને બતાવે છે. ધૂમાડાએ અગ્નિ કર્યો નથી, તેમ કેવળી ભગવાન છ દ્રવ્યના જેવા પરિણામ થાય, તેના બતાવનાર છે, પણ તેઓ તેના કર્તા નથી. દરેક જીવમાં અનંતા ગુણો છે તેથી એક સમયમાં અનંતા પરિણામોનો ક્રમ નિશ્ચિત છે. અનંત ગુણોના ક્રમબદ્ધ પરિણામને જ્ઞાને સ્વભાવ સન્મુખ થઈને જાણ્યા તે પુરુષાર્થ છે. સાધકને રાગના પરિણામ થાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે છે તે વખતે શુભરાગ છે. ક્રમબદ્ધથી વિરુદ્ધ કહેનારા કેવળી ભગવાનને તથા સાધકને કે વસ્તુસ્વરૂપને જાણતા નથી.

કોઈ કહે કે અન્ય મતમાં પણ ક્રમબદ્ધને સમજીને સમકિત થઈ જાય તો? ભાઈ, તેમ કદી બને નહિ. સંયોગો અને રાગને આત્માથી પૃથક જાણનારની તાકાત કેવી છે-એમ જે જાણતો નથી, તે ક્રમબદ્ધ પર્યાયને જાણતો નથી. અજ્ઞાની ગુરુના નિમિત્તે સમ્યગ્દર્શન થઈ જશે અથવા ગમે તે રીતે થશે એમ માનનાર ક્રમબદ્ધ પરિણામને શ્રવણ કરાવનારને, પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવને તથા રાગને સમજતો નથી. સમકિતનો પર્યાય ક્રમબદ્ધ થવાનો હશે ત્યારે થઈ જશે, ભલે તે ખોટા દેવાદિને માનતો હોય અથવા એકેંદ્રિયમાં હોય-તો એમ માનનાર જીવ સાચા દેવાદિને અથવા ક્રમબદ્ધને સમજતો નથી. તેમ જ સમ્યગ્દર્શન પર્યાય પરથી ઊપજતો નથી. પણ ક્રમબદ્ધપર્યાય

ઊપજે છે માટે ગમે તેવાં નિમિત્તો હોય અને ગમે ત્યાં-એકેન્દ્રિમાં ઊપજે એમ જે માને તે ખોટો છે. એવો જીવ ઉપદેશ સાંભળવાને પણ લાયક નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરવાની તેના જ્ઞાનની તાકાત નથી તો પછી દરેક દ્રવ્યના અનંતા અનંતા ગુણો સ્વતંત્રપણે ક્રમબદ્ધ કાર્ય કરે તે વાત તેને બેસે નહિ. અન્ય મતમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું અને સાત તત્ત્વોનું સ્વરૂપ યથાર્થ છે જ નહિ, અને તેથી તેને કદી સમ્યક્ત્વ થાય નહિ.

જીવ પોતાના અનંતા ગુણોના ક્રમબદ્ધ પરિણામોપણે ઊપજતો થકો જીવ જ છે. એટલે કે જ્ઞાતાદ્રષ્ટા છે. સાધક જીવને યથાર્થ જ્ઞાન હોવાથી રાગ હોવા છતાં તે રાગના અકર્તાપણે રહે છે. જીવમાં પ્રભુત્વશક્તિ છે, તે પ્રભુત્વ શક્તિ સહિત પોતાના અનંતા પરિણામો વડે ઊપજતો, બીજાને નહીં ઊપજાવતો અને બીજાથી નહીં ઊપજતો પોતે જીવ જ છે-એમ સાધક જાણે છે.

પહેલી એ વાત છે કે જીવમાં દરેક પરિણામ તેના કાળે થાય છે. મોતીના હારમાં દરેક મોતી ક્રમસર છે. જો તેનો ક્રમ તૂટી જાય તો દોરો તૂટી જાય, અને હાર પણ તૂટી જાય. આમ મોતી દોરો કે હાર એકે રહેશે નહિ. તેમ ભગવાન આત્મા લટકતો-પરિણમતો અનાદિ અનંત છે. તેના ગુણો દોરા સમાન છે, અને જેમ મોતીઓ ક્રમબદ્ધ છે, તેમ અનંત ગુણોના પરિણામ પોતાથી સ્વકાળે ક્રમબદ્ધ ઊપજે છે. તે પરિણામોને આઘા-પાછા કરવા જાય તો પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણે તૂટી જાય એટલે કે જીવને ભ્રાંતિ ઉત્પન્ન થાય. આત્મા રાગ અને નિમિત્તનો જાણનાર છે, તેનો કરનાર નથી. વળી તેના પરિણામો નિમિત્તનું કાર્ય નથી. જીવમાં શ્રદ્ધાનો પર્યાય ક્રમસર થાય છે. એમ સાંભળી તેનું રહસ્ય નહીં જાણનાર સ્વચ્છંદી જીવ કહે છે કે અમોને ગમે તેવું નિમિત્ત હોવા છતાં શ્રદ્ધા થઈ જશે, તો તે ખોટો છે. વળી કોઈ કહે કે-અમોને સમકિત થયું છે પણ સ્વચ્છંદ રહી ગયો છે, તો તે વાત પણ ખોટી છે. જીવને યથાર્થ શ્રદ્ધા થતાં સ્વચ્છંદ રહે નહિ. વળી તેનું જ્ઞાન સ્વપરપ્રકાશક છે, તેથી તે રાગને જાણે તેમ જ નિમિત્તોને પણ જાણે. સ્વભાવની જાતિરૂપણે ઊપજનારો, રાગના અકર્તાપણે પરિણમે છે. વળી તેનું વીર્ય પણ સ્વ તરફનું કાર્ય કરે છે. વળી તે સમયે તે પ્રકારના વીર્યનો પરિણામ પણ થાય છે. વળી બીજો કહે કે સમકિતના પ્રગટવા સાથે ચારિત્ર તુરત જ પ્રગટ થવું જોઈએ, તો તે પણ ક્રમબદ્ધના નિયમને જાણતો નથી. ક્રમબદ્ધનો નિયમ સહજ સ્વભાવની ઉત્પત્તિ બતાવે છે, અને હઠના પ્રયોગનો નાશ બતાવે છે. સમ્યક્શ્રદ્ધા થતાં તુરત જ ચારિત્ર થવું જોઈએ, એમ માનનાર ગુણના ક્રમને સમજતો નથી. વળી તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનને પણ સમજતો નથી.

વળી, આ ક્રમબદ્ધપર્યાયના નિયમમાં ક્ષણિક ઉપાદાનની વાત છે. દ્રવ્ય-ગુણ ધ્રુવ ઉપાદાન છે અને ક્રમબદ્ધપર્યાય ક્ષણિક ઉપાદાન છે. નિમિત્ત આવે તો કાર્ય થાય, અથવા હું બીજાને નિમિત્ત થાઉં તો પરમાં કાર્ય થાય એમ માનનાર ક્ષણિક ઉપાદાનને

સમજતો નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, વીર્ય, આદિ બધા ગુણોની અવસ્થા તેના ક્ષણિક ઉપાદાનના કારણે થાય છે. શ્રદ્ધાનું વીર્ય, જ્ઞાનનું વીર્ય, ચારિત્રનું વીર્ય, વીર્યનું વીર્ય, આનંદનું વીર્ય એક સાથે પોત પોતાની યોગ્યતા મુજબ પ્રગટ થાય છે-એમ સમજવું.

ગઈકાલે કહ્યા પ્રમાણે ગોમ્મટસારમાં જે નિયત કહેલ છે તે પુરુષાર્થ વગેરેને નહીં માનનાર એકાંતવાદીનું નિયત છે. અહીં તો નિયત માનતાં તેની સાથે સ્વભાવ પુરુષાર્થ, કાળલબ્ધિ અને કર્મનો અભાવ-એમ પાંચે સમવાય આવી જાય છે. એ પ્રમાણે સમ્યક્ નિયતનું ભાન થતાં પોતાના પરિણામમાં એમ આવ્યું કે પોતાના અનંતા ગુણોની નિશ્ચિત ક્રમબદ્ધ પર્યાયો થવાની છે, આગળ પાછળ નથી થવાની; આગળ-પાછળ જે માને તેને દ્રવ્ય ને ગુણ તૂટી જશે. સત્યનું લઢણ કરીને તે જ્ઞાનને વજ્રની ભીંતની જેમ નક્કી કર. સાધકને રાગ આવે છે. છતાં તે શ્રદ્ધા તથા જ્ઞાનનું કાર્ય મુખ્યપણે કરે છે, તેથી રાગ ગૌણ થઈ ગયો છે અને શ્રદ્ધા-જ્ઞાનાદિ ગુણોનું કાર્ય અધિક થઈ ગયું. આ વાત યથાર્થપણે નક્કી કરનાર માટેની છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અસ્તિત્વ આદિ ગુણોથી આત્મા પોતે છ કારકરૂપે છે. સ્વતંત્રપણે કરે તે કર્તા છે-એવો કર્તાનો અર્થ છે. સાધક જાણે છે કે પોતાના ગુણોનું પરિણમન સ્વતંત્ર કારકપણે થઈ રહ્યું છે, તે રીતે જાણતો હોવાથી તે જ્ઞાયક કહેવાય છે. કેવળી ભગવાન જ્ઞાયક છે. તેથી બધાને જાણે છે તથા વસ્તુસ્વરૂપ યથાર્થપણે તેમની દિવ્યધ્વનિમાં આવે છે. વળી તેઓ પોતાની ક્રમબદ્ધ પર્યાયોના કર્તા છે, તેથી કારક પણ છે. તેથી એમ સિદ્ધ થયું કે જે કર્મ (કાર્ય) પહેલાં સમયનું છે, તે બીજા સમયે થાય-એમ બને નહિ. તેમ પછીના પરિણામનું સાધન કે આધાર પહેલાના પરિણામનું થાય એમ પણ બને નહિ. દ્રવ્ય ધારાવાહી પણે પરિણમે છે. જીવ પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ છે. આડા-અવળા પરિણામ કરવા કોઈ માગે તો તે ખરેખર જીવ જ નથી (જીવને માનતો જ નથી). વિષમ બુદ્ધિવાળો પણ આડો-અવળો પરિણમતો નથી. તેને પણ ક્રમબદ્ધ તો થાય છે, પણ તે ક્રમબદ્ધને માનતો નથી. તેથી તે જીવ જ નથી. દ્રવ્ય-ગુણ કાયમ રહીને નવી નવી પર્યાય સ્વકાળે ઊપજે છે, પણ એમ તે માનતો નથી. તેથી જે જીવ જ્ઞાતાપણે ન રહ્યો, તે જીવ જ ન રહ્યો. તથા રાગ પર્યાયથી હું ભિન્ન છું એમ તે નહીં માનતો હોવાથી પોતે જીવ જ રહેતો નથી. જેમ પાણીના લોઢનો પ્રવાહ આડો-અવળો થઈ શકતો નથી, તેમ પોતાની પર્યાયનો પ્રવાહક્રમ આડો-અવળો થઈ શકતો નથી પરંતુ એમ અજ્ઞાની માનતો નથી. મકાનમાં બારી બારણાં જ્યાં જે પ્રમાણે હોય તે પ્રમાણે ન નાખે તો મકાનની રચના ભ્રષ્ટ થશે. તેમ ભગવાન આત્મા ક્રમબદ્ધ પર્યાયે ઊપજતો જીવ જ છે. તેમ ન માને અને આડો-અવળો માને તો જીવ રહેશે નહિ માટે જીવ પોતાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતો જીવ જ છે; અજીવ નથી.

પર્યાયને વ્યવસ્થિત માનવા જાય તો અજ્ઞાનીએ માનેલી તેની બધી વાત ખોટી પડે છે. જેને વસ્તુની ખબર નથી, તેનાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણ ખોટાં છે. જીવ જ્ઞાયકભાવે છે, તેનો પર્યાય પણ જ્ઞાયકભાવે પરિણમે છે-એમ જે જાણે છે તે સ્વ-પરને જાણે છે તેથી શ્રદ્ધાનો અંશ, ચારિત્રનો અંશ, વીર્યનો અંશ આદિ જ્ઞેય તરીકે તેને જણાય છે -આમ જે જાણે તે જીવ છે. આવા જીવને જેણે જાણ્યો તેને જીવ તત્ત્વની સાચી શ્રદ્ધા છે -આમ જાણવું. જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર અને વીર્યનો પર્યાય એવો જ ક્રમસર ઉપજે છે- એમ તેનું જ્ઞાન જાણે છે. આ રીતે ક્રમબદ્ધ પર્યાયને જાણે તે જીવ પણ આડું-અવળું કરવા માગે તો તે જીવ નથી. જ્ઞાનીને જ્ઞાનનો પ્રયત્ન ખસતો નથી. જ્ઞાનીને રાગ છોડવાનો હઠ નથી, તેમજ પ્રમાદ પણ નથી. વળી તે પ્રમાદને ધીરજમાં ખતવતો નથી, અને ધીરજને પ્રમાદમાં ખતવતો નથી. જે પરિણામ થાય તેને જ્ઞાની બરાબર જાણી લ્યે છે.

વળી પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ—એ અજીવ દ્રવ્યો ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતા અજીવ જ છે. પરમાણુનો જે સમયે જે પર્યાય થવાનોતે થવાનો-દરેક દ્રવ્યમાં અનંતાગુણો છે. તે ક્રમબદ્ધ પર્યાયપણે ઊપજે છે. શરીરનાં અનંતા ગુણો જે રૂપે પરિણમવાના છે, તે રૂપે જ પરિણમે છે, તેમાં ફેરફાર નથી. કર્મનો પર્યાય, તથા તેનાં સ્થિતિ-અનુભાગ વગેરે ક્રમબદ્ધ છે, તેનો પર્યાય તેના કારણે થાય છે. જીવના કારણે તેનાં કાર્ય થાય તેમ બનતું નથી. આત્મામાં અકાર્યકારણત્વ શક્તિ છે, તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે, તેથી આત્માને પર સાથે કારણ-કાર્ય સંબંધ છે જ નહિ. કર્મ બંધન પુદ્ગલના કારણે થાય છે. રાગને લીધે કર્મને થવું પડ્યું એમ છે જ નહિ. એક પરમાણુંમાં સ્પર્શ-રસ વગેરેની અવસ્થા તેના કાળે થાય છે રાગને લીધે કર્મ બંધાય તો શું કર્મનો તે પ્રકારે થવાનો કાળ ન હતો ? ઉદય, ઉદીરણા, સત્તા-બંધ અપકર્ષણ વગેરેનું કથન જે શાસ્ત્રોમાં આવે છે તે આ નિયમ રાખીને સમજવું જોઈએ. કર્મની અવસ્થા થવાની ન હતી, અને રાગને લીધે થઈ એમ છે જ નહિ. આત્માએ પુરુષાર્થ કર્યો માટે કર્મને ઉપશમરૂપ થવું પડ્યું એમ માનનારે જડનો પ્રવાહક્રમ તોડી નાખ્યો એટલે તેનું જ્ઞાન ખોટું થયું. જેવી વાસના કરીએ તેવા કર્મ વાસનાના કારણે બંધાય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. જડ અને ચેતનની હારમાળાને તોડી નાખનાર ક્રમબદ્ધને કેવળીને કે પંચપરમેષ્ઠીને માનતો નથી. ઇચ્છા મુજબ જે પદાર્થ લેવા માગીએ તે લઈ શકીએ એમ અજ્ઞાની કહે છે, પણ તે વાત ખોટી છે, કેમ કે પરનો ક્રમ કોઈ ફેરવી શકતું નથી. અજ્ઞાની માત્ર અભિમાન કરે છે. જ્ઞાન ક્રમસર છે, જ્ઞેય ક્રમસર છે, એકને તોડતાં બંને તૂટી જાય છે. આત્માથી હાથ ઊંચો-નીચો કરી શકાય છે-એમ માનનાર શરીરની અવસ્થા ક્રમબદ્ધ થાય છે તેને તોડી નાખે છે. એક પરમાણુ પોતાના ગુણોથી ઊપજતું થકું અજીવ છે-એમ ન માને તો તે અજીવ રહેતું નથી, એટલે કે તું જીવ રહેતો નથી. તારામાં ભ્રાંતિ થાય છે. (ક્રમશઃ)

# જિનને સાચા નમસ્કાર કોણ કરી શકે ?

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ પરમ અધ્યાત્મ શાસ્ત્ર છે, તેમાં અનંતકાળે નહિ જાણેલી ચૈતન્યની અંતરની વાત સમજાવી છે. પ્રથમ સાત શ્લોકમાં ટીકાકારે મંગલાચરણ કર્યું છે. મંગલાચરણના છેલ્લા શ્લોકમાં એમ કહ્યું કે—આ શાસ્ત્રમાં પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો, સાત તત્ત્વો, નવ પદાર્થો અને પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયાઓનું વર્ણન છે. શુદ્ધ આત્માની શ્રદ્ધા–જ્ઞાન ને રમણતારૂપ જે ક્રિયા છે તે સત્ ક્રિયા છે. શરીરની ક્રિયા કે પુણ્ય–પાપની ક્રિયા તે આત્માનું સ્વરૂપ નથી; અંતરમાં શુદ્ધ આત્માના આશ્રયે જે વીતરાગી ક્રિયા થાય તે જ સત્ક્રિયા છે, તે સિવાય બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

એ પ્રમાણે મંગલાચરણ કરી ટીકાકાર કહે છે કે અતિ વિસ્તારથી બસ થાઓ. આ સાક્ષાત્ વિવરણ જયવંત વર્તો. આ ટીકાના જે ભાવો છે તે જગતમાં જયવંત વર્તો.

હવે (શ્રીમદ્ ભગવંત કુંદકુંદાચાર્યદેવ વિરચિત) ગાથા સૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને;
કહું નિયમસાર હું કેવળી શ્રુતકેવળીપરિકથિતને. ૧

અર્થ:—અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (–કેવળજ્ઞાની અને કેવળદર્શની) જિન વિરને નમીને કેવળી અને શ્રુત કેવળીઓએ કહેલું નિયમસાર હું કહીશ. ૧

શ્રી વર્ધમાન જિનેન્દ્રને નમસ્કાર કરીને કુંદકુંદાચાર્યદેવે આ પ્રથમ સૂત્રમાં અસાધારણ મંગલાચરણ કર્યું છે. આચાર્યદેવ કહે છે કે જે કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું છે એવા શ્રી નિયમસારને હું કહીશ.

સર્વજ્ઞ કેવા હોય તેને ઓળખીને નમસ્કાર કરે છે. અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાન–દર્શન જેમનો સ્વભાવ છે એવા સર્વજ્ઞ છે. સર્વજ્ઞે જે પ્રમાણે વિશ્વને જાણ્યું તે જ પ્રમાણે જગતમાં થાય છે. તેમાં ફેરફાર પડતો નથી. સર્વજ્ઞનું જ્ઞાન તો અનંત અને ઉત્કૃષ્ટ છે. બીજા મતિ–શ્રુત વગેરે જ્ઞાનમાં અનંતતા કહેવાય, પણ તે ઉત્કૃષ્ટ નથી, ઉત્કૃષ્ટ જ્ઞાન તો કેવળજ્ઞાન છે. એવા કેવળજ્ઞાની જિન વીરને નમસ્કાર કરીને હું આ નિયમસારને કહીશ.

હું સર્વજ્ઞને નમસ્કાર કરું છું એટલે કે મારામાં અલ્પજ્ઞતા છે તેનો હું આદર

નથી કરતો પણ મારામાં સર્વજ્ઞતા પ્રગટ થવાની જે શક્તિ છે તેનો જ હું આદર કરું છું. વિકલ્પ ઊઠયો છે એટલે નિમિત્ત તરીકે સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કર્યા છે. એમ નમસ્કાર કરીને કેવળી-શ્રુતકેવળીઓએ કહેલાં નિયમસારને એટલે શુદ્ધ આત્માને અને મોક્ષમાર્ગને હું કહીશ.

આચાર્યદેવ પોતે સીમંધર પરમાત્મા પાસે ગયા હતા, ને ત્યાં કેવળી-શ્રુતકેવળીઓ પાસેથી સીધું સાંભળ્યું હતું. તેથી કહે છે કે કેવળી-શ્રુતકેવળી ભગવંતોએ કહેલું નિયમસાર હું કહીશ.

શ્રી સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યદેહે તીર્થંકરપણે સમવસરણમાં બિરાજે છે. ત્યાં શ્રી કુંદકુંદાચાર્યદેવ સદેહ ગયા હતા ને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. જે સીમંધર ભગવાન પાસે કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં (લગભગ સં. ૪૯ મી) ગયા હતા તે જ સીમંધર ભગવાન અત્યારે બિરાજી રહ્યા છે. કુંદકુંદ ભગવાન મહાન સંત હતા, અધ્યાત્મમાં મસ્ત હતાં, અંતર અનુભવમાં ઝૂલતાં હતા, તે મહાવિદેહમાં ગયા હતા એ વાત પરમસત્ય છે. મહાવિદેહ નામનું એક ક્ષેત્ર છે તે આ ભરતક્ષેત્રથી ઘણું દૂર છે. જેમ ઋષભદેવથી માંડીને મહાવીર ભગવાન સુધીના ૨૪ તીર્થંકરો આ ભરતક્ષેત્રમાં થઈ ગયા, તેમ મહાવિદેહમાં સીમંધર ભગવાન વગેરે વીસ તીર્થંકરો અત્યારે મોજૂદ બિરાજે છે. ત્યાં સમવસરણ છે, કેવળીઓ છે, ગણધરો છે, સંતો મુનિઓ છે, ચક્રવર્તી છે, ઈન્દ્રો આવે છે ને મહાન ધર્મકાળ વર્તી રહ્યો છે. સીમંધર પરમાત્મા મુનિસુવ્રત ભગવાનના વખતમાં થયા છે ને હજી લાખો-કરોડો વર્ષ રહેશે, ને આવતી ચોવીસીના તેરમાં તીર્થંકરના વખતમાં મોક્ષ પધારશે. એવા ભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્યદેવે દિવ્યધ્વનિનું આઠ દિવસ શ્રવણ કર્યું હતું. આ કલ્પના નથી પણ સત્ય વાત છે.

લોકોને ધર્મની ખબર નથી. ધર્મ એવી અપૂર્વ ચીજ છે કે જો એક સેકંડ પણ ધર્મ કરે તો અનંત સંસારનો નાશ થઈ જાય. સર્વજ્ઞ ભગવાન પાસેથી સીધું સાંભળેલું ને પોતે અંતરમાં અનુભવેલું ચૈતન્યનું સ્વરૂપ આચાર્યદેવ આ નિયમસારમાં કહે છે.

ટીકાઃ—"અહીં 'जिननत्वा' એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે." ટીકાકાર મુનિરાજ ગાથાના દરેક પદનું તાત્પર્ય કહે છે.

પહેલા 'જિન' નો અર્થ કરે છે.

અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે જીત છે તે 'જિન' છે.

રાગ મારા કલ્યાણને માટે અકિંચિત્કર છે ને નિમિત્ત તો મારામાં તદ્દન અકિંચિત્કર છે. એવું ભાન કરીને ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતાના જોરે જેણે રાગ-દ્વેષ-મોહને

જીતી લીધા છે તે જિન છે. અનેક જન્મરૂપી અટવીમાં રખડવાનું કારણ રાગ-દ્વેષ-મોહ છે. ચૈતન્યના ભાન વડે તેને જે જીતે તે 'જિન' છે. એવા 'જિન' જ સાચા દેવ છે. કલ્યાણમાં નિમિત્ત તરીકે એવા જ દેવ હોય. આવા સર્વજ્ઞદેવ સિવાય જે કુદેવ-કુગુરુ કલ્યાણમાં નિમિત્ત માને તે મિથ્યા દૃષ્ટિ છે. કુદેવ તો રાગથી લાભ મનાવે છે. એટલે કુદેવને માનનારે રાગ-દ્વેષ-મોહને આદરણીય માન્યા છે કે જે અનંત જન્મ-મરણમાં રખડવાનું કારણ છે.

જે જિનને નમસ્કાર કરે તે જીવ રાગ-દ્વેષ-મોહને આદરે નહિ. જેણે ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વમોહને જીતી લીધો છે, એવી આઠ વર્ષની બાલિકા પણ શ્રદ્ધા અપેક્ષાએ 'જિન' છે, ને મોટો ત્યાગી દ્રવ્યલિંગી થઈને પણ રાગથી લાભ માનતો હોય તો તે જિન નથી પણ મોહી છે—મિથ્યાદૃષ્ટિ છે. શ્રદ્ધા અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી જિનપણું શરૂ થાય છે. સમ્યગ્દૃષ્ટિ ચકલાને પણ જિન કહેવાય છે. જ્યાં આત્મભાન થયું ત્યાં ચૈતન્યની હુંડી સ્વીકારાઈ ગઈ. હવે ચૈતન્યમાં ઠરતાં અલ્પકાળ લાગશે. સાધકદશામાં પૂજા-ભક્તિ-સ્વાધ્યાય વગેરેનો રાગ હોય પણ તે કલ્યાણનું કારણ નથી—એમ ધર્મી જાણે છે. 'જિને' સમસ્ત રાગ-દ્વેષને જીતી લીધા છે ને તેને નમસ્કાર કરનાર જીવ પણ રાગ-દ્વેષ-મોહને જીતવાના માર્ગે છે. રાગ-દ્વેષ-મોહને જે આદરવા જેવા માને તેણે જિનને નમસ્કાર કર્યા નથી. બધા તીર્થંકરો જિન અને વીર છે. પણ અહીં વર્તમાન શાસનના નાયક તરીકે શ્રી વર્ધમાન ભગવાનને નમસ્કાર કર્યા છે.

"'વીર' એટલે વિક્રાંત (-પરાક્રમી): વીરતા ફેરવે, શૌર્ય ફેરવે, વિક્રમ (પરાક્રમ) ફેરવે, કર્મ શત્રુઓ પર વિજય મેળવે તે 'વીર' છે."

પોતાનો ધ્રુવ ચૈતન્યસ્વભાવ તે પરમતત્ત્વ છે, તેની પ્રતીતિ કરીને ઠરવું તે જ સાચું પરાક્રમ છે. સ્વભાવની અસ્તિની પ્રતીતિ ને વિકારની નાસ્તિની પ્રતીતિ તે પ્રથમ સમ્યગ્દર્શનરૂપ પરાક્રમ છે. સમ્યગ્દર્શનનું એવું પરાક્રમ છે કે કોઈપણ નિમિત્તને, રાગને કે અધૂરાશને પોતામાં અસ્તિપણે માનતું નથી, ધ્રુવ પરિપૂર્ણ ચૈતન્યતત્ત્વને જ તે પ્રતીતમાં લ્યે છે. ચૈતન્યસ્વભાવમાં વીર્યને-પરાક્રમને ફેરવે તે જ સાચો વીર છે. રાગમાં ધર્મ માને તે વીર નથી. તેને ચૈતન્યનું પરાક્રમ પ્રગટ્યું નથી. ચૈતન્યના પરાક્રમ વડે કર્મ શત્રુઓ ઉપર વિજય મેળવે તે વીર છે. ખરેખર જડ કર્મને જીતવા નથી ને રાગને પણ જીતવો નથી. અંતરમાં ચૈતન્યનું પરાક્રમ વાળીને એકાગ્ર થયો ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી ને કર્મો ટળી જાય છે, એટલે કર્મ ઉપર વિજય મેળવ્યો એમ નિમિત્તથી કહેવાય છે. ખરેખર તો નિમિત્તમાં જીવનું પરાક્રમ કોઈ કાર્ય જ નથી. કેમકે નિમિત્ત તો જીવને અડ્યું જ નથી. નિમિત્ત પર છે. પોતામાં પરનો અત્યંત અભાવ છે, ને રાગનો પણ આત્માના મૂળ સ્વભાવમાં અત્યંત અભાવ છે. રાગને અને

આત્માના સ્વભાવને અનંતો અભાવ છે, તો પછી નિમિત્ત તો ક્યાંય રહ્યું? નિમિત્તો આત્માને કાંઈ કરે એમ માને તે જીવ વીતરાગની પરંપરાથી બહાર છે.

શ્રી મહાવીર પરમાત્મા સમસ્ત રાગ-દ્વેષ-મોહને જીતનાર એવા જિન છે, અને ચૈતન્યના પરાક્રમ વડે કર્મના વિજેતા એવા વીર છે, તેઓ શ્રી વર્દ્ધમાન, શ્રી સન્મતિનાથ, શ્રી અતિવીર અને શ્રી મહાવીર એ નામોથી યુક્ત છે.

તે મહાવીર ભગવાન જ પરમેશ્વર છે. પરમ ઈશ્વર એટલે કેવળજ્ઞાનાદિને પામેલા છે તેથી જ પરમેશ્વર છે. એ સિવાય જગતનો કર્તા-હર્તા કોઈ ઈશ્વર નથી. આ મહાવીર પરમાત્મા જ દેવાધિદેવ છે. ઇંદ્ર વગેરે અને ગણધર દેવો તેમના પણ દેવ મહાવીર ભગવાન છે. તેથી તેઓ દેવાધિદેવ છે.

આવા સર્વજ્ઞ મહાવીર પરમાત્મા છેલ્લા તીર્થનાથ છે. તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન- ચારિત્ર અર્થાત્ જે પોતાના આત્માનું ભાન કરીને તરવાનો ઉપાય પોતામાં પ્રગટ કરે તે તીર્થ છે, ને તેના 'નાથ' મહાવીર ભગવાન છે. પોતે પોતામાં તરવાનો ઉપાય પ્રગટ કરે તો નિમિત્ત તરીકે ભગવાનને તીર્થનાથ કહેવાય છે.

તે ભગવાન સકળ નિર્મળ એવા કેવળજ્ઞાન-દર્શનથી સંયુક્ત છે. કેવળજ્ઞાન-દર્શન કેવા છે? —કે જે ત્રણ ભુવનનાં, સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયથી કહેવામાં આવતા સમસ્ત દ્રવ્યોને જાણવા—દેખવામાં સમર્થ છે.

અરે! દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમસ્ત પદાર્થોનું કથન થાય છે. અહા! ધર્મ શું છે?—દ્રવ્ય છે? ગુણ છે? કે પર્યાય છે? ધર્મ તો કોણ જાણે ક્યાં રહેતો હશે? શરીરમાં રહેતો હશે કે આત્મામાં? તેનું પણ ભાન ન હોય અને કહે કે અમે ધર્મ કરીએ છીએ પણ ભાઈ! ધર્મ તે નવો થાય છે એટલે તે દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે. જેની જે પર્યાય હોય તેનાથી જ તે પર્યાય થાય છે. કોઈની પર્યાય પરને લીધે થતી નથી. ધર્મ તે આત્માની નિર્દોષ શુદ્ધ પર્યાય છે, તે આત્માના આધારે થાય છે. દ્રવ્ય ત્રિકાળ છે. ગુણો ત્રિકાળ છે ને પર્યાય ક્ષણ પૂરતી છે. તે પર્યાય નવી થાય છે. ધર્મ તે પણ પર્યાય છે. જગતમાં છ પ્રકારના દ્રવ્યો છે તેમાં જીવ અને પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અચર છે એટલે કે સ્થિર છે, ને જીવ-પુદ્ગલ એ બે દ્રવ્યો સચરાચર છે; તેમાં જીવનો સ્વભાવ તો સ્થિર રહેવાનો છે, પણ હલન-ચલનની તેની પર્યાયની યોગ્યતા છે. આવા છએ દ્રવ્યો પોત પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત છે.

આ શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે ને આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે. આત્મા પોતાના જ્ઞાનની પર્યાયથી જાણે છે. આંખથી જાણતો નથી. શરીરમાં ક્યાંય કાણાં નથી કે તે કાણાંમાંથી આત્મા જુએ! જેમ વજ્રની આખી ભીંત હોય તેવું આ શરીર છિદ્ર વગરનું છે તેમાં ક્યાંય છિદ્ર નથી. અંદર ચૈતન્યપિંડ પોતે જાણવાના

સ્વભાવથી જાણે છે, ધ્રુવ ચૈતન્યપિંડ છે. તેની પર્યાયથી જાણવાનું કાર્ય થાય છે પણ અજ્ઞાનીને ભ્રમ છે કે આંખથી દેખાતું હોય! જેમ મકાનમાંથી બારી દ્વારા બહાર જોવાય તેમ કાંઈ આ શરીરમાં આંખની બારી નથી. શરીરમાં આંખના કાણામાંથી આત્મા જોવાનું કામ કરે છે–એમ નથી. આંખની રચના તો છિદ્ર રહિત છે; ચૈતન્ય પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી સ્વતંત્ર છે. તેના ધ્રુવ પિંડમાં જ્ઞાનના ક્ષયોપશમરૂપી છિદ્ર પડ્યું, તે છિદ્ર દ્વારા આત્મા જાણે છે. છિદ્ર એટલે પર્યાય. છએ પદાર્થો દ્રવ્ય–ગુણ–પર્યાયવાળા છે. સર્વજ્ઞ ભગવાન જગતના બધા પદાર્થોને જાણવા–દેખવામાં સમર્થ છે, પણ કાંઈ ફેરફાર કરવા સમર્થ નથી. તેમ બધાય આત્માઓનો સ્વભાવ જગતને જાણવા–દેખવાનો છે, પણ ક્યાંય ફેરફાર કરી દે એવી કોઈ આત્માની તાકાત નથી. કોઈ જીવને મોક્ષ પમાડી દે એવી તાકાત ભગવાનની નથી. ભગવાન તો જેમ હોય તેમ જાણે કે "આ જીવ આ ભવે મુક્તિ પામશે. આ જીવ એક ભવે મોક્ષ પામશે."—એમ ભગવાન જાણે, પણ કોઈનો કાળ આઘો-પાછો કરીને કોઈને મોક્ષમાં લઈ જાય એવા ભગવાન નથી. ભગવાન તો નિમિત્ત છે. નિમિત્ત શું કરે! ગુરુ ઉપદેશ આપે પણ સમજે તેને નિમિત્ત કહેવાય ને? પોતે ન સમજે તો ગુરુ શું કરે? પોતે સમજ્યા પછી ચૈતન્યનો મહિમા રાખીને વિકલ્પ ઊઠતાં દેવ-ગુરુના બહુમાનનો અને વિનયનો ભાવ આવે, પણ તે પરને કારણે આવ્યો નથી; ને નિમિત્ત મારું કલ્યાણ કરી દેશે એવી માન્યતા નથી.

આમ દરેક પદાર્થ સ્વતંત્ર છે—એમ કેવળજ્ઞાનથી ભગવાન જાણે છે. આવા સર્વજ્ઞને ઓળખીને તેને નમસ્કાર કરે તેને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થાય. અહીં આચાર્યદેવ કહે છે કે આવા સર્વજ્ઞ પરમાત્મા વર્દ્ધમાન જિનેન્દ્રને પ્રણમીને હું નિયમસાર કહીશ.

—૦—

( ક્રમશઃ )

## ❀ અરે! વિષયોના ભિખારી! તું તો ચૈતન્યરાજા છો ❀

પોતાના આનંદનિધાનને ભૂલેલું અને આત્માના અતીન્દ્રિય આનંદને નહિ પામેલું આખું જગત ભીખારી છે. કેમ કે ધન આદિ વિષયો પાસે તે આનંદની ભીખ માગી રહ્યું છે. સંતો તેને સંબોધે છે કે અરે! વિષયોના ભિખારી! તું તો ચૈતન્ય-રાજા છો. રાજા થઈને તું ભીખ કાં માગ? તારામાં તો અતીન્દ્રિય આનંદના નિધાન ભરેલાં છે, તું ઇન્દ્રિય-વિષયો પાસે ભીખ ન માગ. જરા શરમા! ભિખારીપણું છોડીને તારા આનંદ-નિધાનને સંભાળીને અતીન્દ્રિ યઆનંદનો ભોક્તા બન.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ જયંતી પ્રસંગે દાનમાં જાહેર થયેલી રકમો :—

૨૬×૫૧ શ્રી વ્રજલાલ મગનલાલ શાહ — જલગાંવ
૨૧×૫૧ શ્રી હીરાલાલજી કાલા — ભાવનગર

**૧૧×૫૧ ની રકમ**

શ્રી અંજવાળીબેન પ્રાણલાલ ગોડા — મુંબઈ
શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા તથા પરિવાર
હસમુખભાઈ કે. ગાંધી ભાવનગર
વ્રજલાલ જેઠાલાલ શાહ તથા હિંમતલાલ જેઠાલાલ શાહ — સોનગઢ
ચીમનલાલ ઠાકરશી મોદી તથા ગીરધરલાલ ઠાકરશી મોદી — મલાડ, મુંબઈ
શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુમંડળ — દાદર
શ્રીમતી સ્વરાજ્ય ગોશલ — કલકત્તા
૧૦×૫૧ સરોજબેન નેમીચંદજી — ખંડવા
૧૦×૫૧ શાંતાબેન શાંતિલાલ ઝવેરી — મુંબઈ
૧૦×૫૧ જ્ઞાનચંદજી માંગીલાલજી જૈન — આગ્રા
૯×૫૧ પ્રેમલત્તાબેન નેમીચંદજી — બડવાની
૭×૫૧ સુંદરજી વીરજી પરિવાર — જામનગર
૭×૫૧ શાંતિભાઈ તથા કાન્તિભાઈ — સોનગઢ

**૫×૫૧ ની રકમ**

ડૉ. પ્રવિણભાઈ દોશી — રાજકોટ
સોમચંદ પુનમચંદ શાહ — નાઈરોબી
ચીમનલાલ વિક્રમચંદ સંઘવી — મુંબઈ
ભરતભાઈ રસીકલાલ સંઘવી — કલકત્તા
રાજકોટ દિ. જૈન સંઘ — રાજકોટ
મયાભાઈ જેસીંગભાઈ — મુંબઈ
વિમળાબેન સારાભાઈ શાહ — મુંબઈ
ચંપકલાલ મોહનલાલ ડગલી — મુંબઈ
પુષ્પાબેન મનસુખલાલ દોશી — મુંબઈ
કહાન ટ્રેડર્સ — જામનગર
વીરચંદભાઈ પ્રાગજી મહેતા — મુંબઈ

**૩×૫૧ ની રકમ**

ખીમચંદભાઈ છોટાલાલ જોબાલીયા હસ્તે બ્ર. ચંદુભાઈ — સોનગઢ
ચંદ્રકાન્ત કેશવલાલ શાહ હસ્તે જ્યોત્સના — મુંબઈ
મનસુખલાલ નથુભાઈ હસ્તે પ્રમોદભાઈ — મુંબઈ
હિંમતલાલ છોટાલાલ જોબાલીયા — સોનગઢ
અનોપચંદભાઈ મુળજીભાઈ ખારા — રાંચી

**૨×૫૧ ની રકમ**

રતિલાલ મોહનલાલ ઘીયા — રાજકોટ
વીરચંદ જેઠાભાઈ માલદે — સોનગઢ
જામનગર મુમુક્ષુ મંડળ — જામનગર
સમતાબેન રતિલાલ હોલકર — વઢવાણસીટી
હસમુખભાઈ મગનલાલ પારેખ — સોનગઢ
અંબાલાલ કેશવલાલ શાહ — દહેગામ
શશીકાન્ત મનસુખલાલ શાહ — ભાવનગર
નિકુંજબેન યોગેન્દ્રકુમાર શાહ — અમદાવાદ
પ્રવિણચંદ્ર વાલજીભાઈ ડગલી — વિછીંયા
ફુલચંદ વિમલચંદ ઝાંઝરી હસ્તે પુષ્પલત્તાબેન — ઉજ્જૈન
કનુભાઈ પુનાતર — જામનગર
શીલાબેન સુરેન્દ્રકુમાર — ઇન્દોર
કંચનબેન બાબુલાલ — સનાવદ
મનોકાન્તાબેન — સહરાનપુર
ઉગ્રસેન બંડી — ઉદયપુર
મદનરાજ છાજેડ — જોધપુર
મનસુખલાલ છોટાલાલ જોબાલીયા — સોનગઢ
જગજીવન ચતુરભાઈ — સુરેન્દ્રનગર
બાબુલાલ કેશવલાલ — દહેગામ

[ ક્રમશઃ ]

## ૯૪ મી જન્મજયંતી મહોત્સવની ખુશાલીમાં દાતાઓ તરફથી જાહેર થયેલી દાનરાશિઃ—

[ ગતાંકથી ચાલુ ]

| | |
|---|---|
| ૯૪×૫ જમશેદપુર મુમુક્ષુમંડળ | જમશેદપુર |
| ૯૪×૫ મંજુલાબેન ચીમનલાલ શાહ | મુંબઈ |
| ૯૪×૫ કુસુમબેન એ. બાવીશી | મસ્કત |

**૯૪×૨ ની રકમ**

| | |
|---|---|
| પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેન | સોનગઢ |
| ડૉ. સવીતાબેન જેઠાલાલ | ખાર |
| ચોટીલા મુમુક્ષુમંડળ | ચોટીલા |
| દિ. જૈન મુમુક્ષુમંડળ | જલગાંવ |
| ચીમનલાલ છોટાલાલ જોબાળીયા | મુંબઈ |
| કેશવલાલ વૃજલાલ કોઠારી | મુંબઈ |
| ફુલચંદજી વિમલચંદજી જાંજરી | ઉજ્જૈન |
| મયાભાઈ જેસીંગભાઈ | મુંબઈ |
| મનમોહનભાઈ છોટાલાલ | ઘાટકોપર |
| હરિલાલ જીવરાજ ભાયાણી | ભાવનગર |
| મનોકાન્તાબેન | સહરાનપુર |
| હીંમતલાલ હરગોવિંદદાસ તથા માલતીબેન | ભાવનગર |
| શાંતિલાલ ઠાકરશી મોદી | ઘાટકોપર |
| વિનયકાંત હીરાચંદ લાખાણી | રાજકોટ |
| ચંદુલાલ શીવલાલ સંઘવી | અમદાવાદ |
| શાંતાબેન ગુલાબચંદ ટોળીયા | મુંબઈ |
| વઢવાણ દિ. જૈન મુમુક્ષુ મંડળ | વઢવાણ |

**૯૪×૨ ની રકમ**

| | |
|---|---|
| નાગરદાસ સુખલાલ કોઠારી | બોટાદ |
| ચંદુલાલ તથા જમનાદાસ વિક્રમચંદ સંઘવી | રાજકોટ |
| છોટાલાલ રાયચંદ ખંધાર | સોનગઢ |
| કમળાબેન રામજી મોટાણી | લાઠી |
| ઉમેદલાલ ગોકળદાસ | રાજકોટ |
| અખિલ ભારતીય જૈન યુવા ફેડ. બૃહદ મુંબઈ શાખા | |
| શામજીભાઈ | ગોરેગાંવ |
| સમરતબેન ખારા | રાજકોટ |
| મનુભાઈ મુળજીભાઈ ખારા | રાજકોટ |
| ધીરજબેન મનુભાઈ ખારા | રાજકોટ |
| અમુલખ લાલચંદ | જોરાવરનગર |
| વિરાટભાઈ વોરા | અમદાવાદ |
| પ્રાણલાલ ત્રિભોવનદાસ ખારા | રાજકોટ |
| મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ | સોલાપુર |
| જ્યોત્સનાબેન ચંદ્રકાન્ત | પાર્લા |
| રમણીકલાલ વીરચંદભાઈ મોટાણી | કલકત્તા |
| ચંપાબેન તલસાણીયા | મુંબઈ |
| કમળાબેન ચીમનલાલ શાહ | મુંબઈ |
| દેવીબેન આર. શાહ | કલકત્તા |

૯૪×૧ ના અંકમાં આવેલી કુલ રકમો ૯૪×૨૦૧

—૦—

### વૈરાગ્ય સમાચારઃ—

* મુંબઈનિવાસી શ્રી જમનાદાસ તારાચંદ કાપડીયા ( વર્ષ—૮૯ ) તા. ૩—૬—૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી ચીમનલાલ સાકરચંદ શાહ ( સમ્રાટ ગીઝરવાળા ) તા. ૧૫—૬—૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોટેગાંવનિવાસી શ્રી ફકીરચંદજી સિંઘઈ તા. ૯—૭—૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી શ્રી મોંઘીબેન પ્રેમચંદ શાહ ( વર્ષ—૯૨ ) તા. ૧૦—૭—૮૩ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સતગત આત્માઓને વીતરાગ દેવ—ગુરુ—ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વારંવાર સોનગઢ આવીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશિની અધ્યાત્મ-વાણીનો લાભ લેતા હતા. તેઓ સર્વે વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## * ધર્મરત્ન ભગવતી માતાનો ૭૦ મો જન્મ-જયંતી મહોત્સવ :—

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૭૦ મો જન્મ-જયંતી મહોત્સવ તા. ૨૧-૮-૮૩ થી ૨૫-૮-૮૩ સુધી શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ તરફથી હર્ષોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવવામાં આવશે. આ પ્રસંગે દેશભરમાંથી આવનારા ભક્તોને તેઓના તરફથી પાંચેય દિવસ માટે સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવશે. મહેમાનોએ પોતાનું બેડીંગ સાથે લાવવા વિનંતી. દેશભરના મુમુક્ષુ મંડળોને તેમજ મુમુક્ષુઓને નિમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીનું ધાર્મિક પ્રવૃત્તિમય જીવન વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ તેમજ શાસ્ત્ર-સ્વાધ્યાય વિગેરે કાર્યક્રમોથી નિયમિત ગૂંજતું રહે છે. પ્રાતઃ જિનેન્દ્રદર્શન-પૂજન ત્યારબાદ પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનું ૧૯૬૬નું અધ્યાત્મરસ ઝરતુ ટેઈપ-પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર પરમાગમનું શાસ્ત્ર-વાંચન, જિનમંદિરમાં જિનેન્દ્ર-ભક્તિ અને સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નાટક સમયસાર ઉપરનું ૧૯૭૧નું ભાવવાહી ટેઈપ-પ્રવચન—એ રીતે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમ નિયમિત રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાસ્થ્ય સાધારણ ઠીક છે.

* અષાઢ માસની અષ્ટાહ્નિકા પ્રસંગે જિનમંદિરમાં સવારે ૬-૪૫ થી ૮-૧૫ શ્રી નંદીશ્વરદ્વીપ બૃહદ વિધાન પૂજા-બાવન પૂજા-ઉલ્લાસપૂર્વક કરવામાં આવેલ. આ મંડલ વિધાન પૂજા શ્રી ગંગાબેન કરમણભાઈ નાઈરોબી તરફથી રાખવામાં આવેલ.

## * કહાન રાહત કેન્દ્ર, સોનગઢ :—

ઘાસની અછતના ઉનાળાના કપરાં દિવસોમાં સોનગઢની બે હજાર ગાયોને પોષણ આપતા કહાન રાહત કેન્દ્રના પ્રમુખ શ્રી હિંમતભાઈ ઝોબાલિયા દર વર્ષની માફક આ કેન્દ્ર માટે દાનરાશિ એકત્રિત કરવા સોનગઢના સરપંચ આદિને લઈને મુંબઈ ગયા હતા, ત્યાં શ્રી સુમીર પુનમચંદભાઈ ઝોબાલિયાના સહકારથી જૈનેતર ભાઈઓએ તેમજ દાદર, મલાડ અને ઘાટકોપરના મુમુક્ષુઓએ ઉદાર ચિત્તે રકમ નોંધાવતા પચાસ હજાર રૂપિયા એકત્રિત થયા હતા. કરુણાસાગર કૃપાળુ ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં વર્ષો પહેલાં કહાન રાહત કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જેના કારણે પ્રતિવર્ષે સેંકડો ગાયોના મરણનો ભય ટળી જવા પામે છે. આ રાહત કેન્દ્ર માટે દાન સ્વીકારવાની વ્યવસ્થા આપણી સંસ્થામાં રાખવામાં આવેલી છે. આવી જ રીતે શ્રી કહાનનગર સોસાયટીમાં કહાન કબૂતર કેન્દ્ર દ્વારા કબૂતરને પ્રતિ વર્ષ લગભગ રૂપિયા પાંચ હજારની જુવાર નાખવામાં આવે છે. * * *

## 卐 લંડનમાં વસતા મુમુક્ષુઓને ઘરે બેઠા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ 卐

લંડનમાં વસતા જિજ્ઞાસુ મુમુક્ષુઓને ઘરે બેઠા પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશિની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ સુલભ બને તે માટે લંડનના ઉત્સાહી ભાઈશ્રી રાજેશકુમાર પ્રેમચંદભાઈ શાહે પૂજ્ય ગુરુદેવશ્રીના બધાં જ ટેઈપ-પ્રવચનોની તૈયાર કેસેટ લંડનમાં રાખવાની શરૂઆત કરેલ છે. ગ્રંથાધિરાજ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના ૫૩૦ પ્રવચનોમાંથી હાલ શરૂઆતના ૩૩૬ પ્રવચનોની તૈયાર કેસેટ રાખવામાં આવી છે. સોનગઢથી રીલમાં કરાવેલ રેકોર્ડિંગ બહુ સ્પષ્ટ ને સારું —ઓરીજીનલ વાણી જેવું—થયું હોવાથી તેના ઉપરથી લંડનમા તૈયાર કરવામાં આવેલી કેસેટનું રેકોર્ડિંગ પણ બહુ સ્પષ્ટ ને સારું થઈ રહ્યું છે. વિદેશમાં પણ જિજ્ઞાસુ ભાઈ–બહેનોને ઘરે બેઠા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનું અમૃતપાન કરવા મળે તે માટે શરૂ કરવામાં આવેલી આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા જિજ્ઞાસુઓએ નીચેના નંબર ઉપર ફોનથી સંપર્ક સાધવો:–

શ્રી રાજેશકુમાર શાહ—01-572 1618 LONDON U. K.

શ્રી મંજુબેન શાહ—01-428 2127 LONDON U. K.


—o—

* અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે; શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.

—પૂ. બહેનશ્રી

* ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે. *

—પૂ. બહેનશ્રી



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) સંવેગ—સંસારથી ભયભીત થવું. વૈરાગ્ય—સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થવું. નિંદા—પોતાના દોષોની પોતે નિંદા કરીને તે દોષ ફરી ન કરવાનો અભિપ્રાય રાખવો. ગર્હા—ગુરુની પાસે જઈને પોતાનો દોષ કહેવો. ઉપશમ—ક્રોધાદિ કષાયોનું શાંત થઈ જવું. ભક્તિ—અર્હંતાદિ પંચ પરમેષ્ઠીઓના ગુણો ઉપર પ્રીતિ રાખવી. અનુકંપા—સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી. વાત્સલ્ય—મુનિ, આર્યિકા, શ્રાવક તથા શ્રાવિકા—એમ ચાર સંઘ ઉપર પ્રેમ રાખવો. આ સમ્યક્દર્શનના ધારક જીવના આઠ ગુણ છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૮૩ )

(૨) એક દિવસમાં સો યોજન ગમન કરવાવાળો પુરુષ પણ જો પોતાના ઇષ્ટ સ્થાનથી એકદમ ઉલટી દિશામાં ગમન કરવા લાગી જાય તો તે કદિ પણ પોતાના ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત થશે નહિ. તેવી જ રીતે મિથ્યાત્વથી સહિત અહિંસાદિગુણ જેને હોય તેવો પુરુષ પણ કદિ મુક્તિપદને પ્રાપ્ત થવાનો નથી. આ વાત નિશ્ચિત સમજવી જોઈએ.

( શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા-૫૯ )

(૩) અંગ ઉપર લાગેલી ધૂળ એ જ જેને મન આભૂષણ છે, શિલાતલ એ જ જેને મન સુંદર આસન છે, રજ અને કંકર યુક્ત પૃથ્વિ જેને મન સુખદ શૈય્યા છે. સિંહાદિ ક્રૂર પ્રાણીઓ જ્યાં નિવાસ કરે છે, એવા દુર્ગમ્ય ગિરિ ગુફા આદિ સ્થાન જેને મન ગૃહ છે, "આ દેહ મારો અને હું આ દેહનો" એવા મિથ્યા વિકલ્પથી રહિત નિર્મળ છે બુદ્ધિ જેની તથા તૂટી ગઈ છે અનાદિ અજ્ઞાનરૂપ ગાંઠ જેની—એવા વિજ્ઞાનઘન મોક્ષના પરમ પાત્ર નિઃસ્પૃહ સત્તપુરુષો અમારા અંતઃકરણને પવિત્ર કરો.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન ...

## શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાનખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર થયેલી દાનરાશિ :—

૫૧,૦૦૦ સ્વ. શ્રી પૂનમભાઈ મલુકચંદભાઈ ઓઆલીયા હ. મંજુલાબેન મુંબઈ

૮,૩૧૧ સ્વ. શ્રી સુરજબેન ધીરજલાલ ઓઆલીયા સોનગઢ

૨૫૦૧ શ્રી હીરાભાઈ ભીખાભાઈ સોનગઢ

૨૫૦૩ પુરૂષોતમદાસ ઓઘડદાસ કામદાર મુંબઈ

૨૦૦૨ ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ મલાડ

૧૫૦૪ શ્રી વીરચંદભાઈ પ્રાગજીભાઈ મહેતા ઉમરાવાળા

૧૩૦૪ શ્રી દેવચંદ જીવરાજ વોરા વીંછીયા

૧૦૪૧ શ્રી કહાન ઓપ્ટીકલ મદ્રાસ

૧૦૦૪ સ્વ. શાન્તાબેન શાન્તીલાલ શાહ મલાડ

૧૦૦૨ શ્રી જયાબેન છબીલદાસ વારીયા મહુવા

૧૧૧૧ શ્રી કંચનબેન ચંદુલાલ સંઘવી અમદાવાદ

૧૦૦૦ શ્રી ગંગાબેન કરમણભાઈ નરસીભાઈ, ચિ. સુરેશભાઈના સ્મરણાર્થે

૧૦૦૦ શ્રી કરમણભાઈ નરસીભાઈ નાઈરોબી વિજયકુમારના લગ્ન નિમિત્તે ટેઈપ સુરક્ષા ખાતે

૬૭૨ શ્રી પન્નાદેવીજી મણીલાલ જૈન આગ્રા

૫૯૫ રમણીકલાલ ચત્રભુજ સંઘવી સુરેન્દ્રનગર

૫૬૧ દિ૰ જૈન મુમુક્ષુમંડળ દાદર

૫૪૬ સ્વ. શ્રી શાન્તીલાલ હીંમતલાલ રાજકોટ હ. શારદાબેન

૫૦૧ શ્રી હંસાબેન જયવંતભાઈ ઝવેરી ઘાટકોપર

૩૯૭ શ્રી મુક્તાબેન હરીભાઈ શેઠ કલકત્તા

૩૪૭ શ્રી કંચનબેન વસંતલાલ તલાટી મુંબઈ

૨૫૫ શ્રી પ્રાણલાલ પુરુષોતમ કામદાર દાદર

૨૦૧ શ્રી સરયુબેન રમણકાન્ત જસાણી મુંબઈ

૨૦૧ શ્રી ચંપકલાલ વીકમચંદ સંઘવી મુંબઈ

૨૦૧ શ્રી જયંતિલાલ અમૃતલાલ બાબરા

૨૦૧ શ્રી ચંપકલાલ વીકમચંદ સંઘવી મુંબઈ

૧૫૨ શ્રી હસમુખલાલ કુંવરજી જાદવજી પાલેજ

૧૯૫ ,, વ્રજલાલ તારાચંદ ખારા કલકત્તા

૧૯૫ સ્વ. શ્રી પુનમચંદજી મલકાપુરવાળા

૧૦૨ શ્રી લલિતાબેન જયંતીલાલ શાહ

૧૦૨ શ્રી પ્રેમચંદ ગુલાબચંદ શાહ

૧૦૨ શ્રી શાન્તાબેન રતિલાલ દોશી

૧૦૨ શ્રી વિદ્યાબહેન માલીઆ

૧૦૨ શ્રી હીરાબહેન પ્રાણજીવનદાસ

૧૦૨ શ્રી કાન્તાબેન કેવળચંદ ઝવેરી

૧૦૨ શ્રી મીરાબેન પ્રફુલ્લચંદ શાહ

૧૦૧ શ્રી મરઘાબેન મણીલાલ સોનગઢ

૧૦૧ શ્રી મનહરલાલ ધીરજલાલ સૂરત

૧૦૧ શ્રી ધનજીભાઈ કેશવજીભાઈ

૧૦૧ શ્રી રતિલાલ સંઘવી મોરબી

૧૦૧ શ્રી મનહરલાલ ધીરજલાલ સુરત

૧૦૧ જાગૃતિ પ્રફુલ્લભાઈ મહેતા મસ્કત

૧૦૧ સ્વ. કપૂરચંદ કોઠારી સોનગઢ

૧૦૧ શ્રી ન્યાલચંદ ફુલચંદ મહેતા વાંકાનેર

**સંપાદક : નાગરદાસ બી. મોદી**

**તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ** **વાર્ષિક લવાજમ રૂા. ૯—૦૦**

**મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ** **આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧—૦૦**

**પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ** PIN : 364250